# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૦૪૪

સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૨ • ૧૫ નવેમ્બર, ૨૦૨૩ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## સાંપ્રદાયિક સૌહાર્દના અને નવરાત્રિ ઉત્સવ-૨૦૨૩



આદ્યાશક્તિ અંબાના સાનિધ્યમાં આસો સુદ-૧ તારીખ ૧૫ ઓક્ટોબરથી સંસ્થાના ક્રિડાંગણ તેમજ શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના તાલીમાર્થી વિદ્યાર્થીઓ અને તેમના પરિવાર માટે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. નવલા નવરાત્રિ દરમિયાન તાલીમાર્થીઓ તથા વાલીઓ માટે આરતી સુશોભન, ફેન્સી ડ્રેસમાં ગરબાના કાર્યક્રમો યોજી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. નવરાત્રિ પર્વના અંતે તમામને સંસ્થા તરફથી લ્હાણીમાં સ્ટીલના ટીફીન આપવામાં આવેલ. સાંપ્રદાયિક સૌહાર્દના સ્વીકાર તરીકે શિશુવિહારમાં યોજાતા નવરાત્રિ પ્રસંગે ઉત્તમ દેખાવ કરનાર સ્કાઉટ તાલીમાર્થીઓને તથા વાલીઓને સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ, સંસ્થા પ્રમુખ શ્રી રાજુભાઈ દવે, શ્રી ઈન્દાબહેન ભટ્ટ, શ્રી જતિનભાઈ ભટ્ટ, શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી પરેશભાઈ પાઠક, શ્રી હિનાબહેન ભટ્ટ, ડૉ.શ્રી અરવિંદભાઈ , શ્રી નેહલભાઈ ત્રિવેદી, શ્રી નિર્મોહીબહેન ભટ્ટની ઉપસ્થિતિમાં પુરસ્કૃત કરવામાં આવેલ.





**તંત્રી, પ્રકાશક, મુદ્રક : ડૉ. નાનકભાઈ ભટ્ટ**

**પ્રકાશન સ્થળ**

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736


નવલા નવરાત્રિ પ્રસંગે રાસ ગરબા પૂર્ણ થતાં શિશુવિહાર તરફથી નિયમીત રીતે ખેલૈયાઓને પોષક નાસ્તો આપવામાં આવેલ. નોરતાના આયોજક અને સંસ્થાના નિવાસી કાર્યકર શ્રી અનિલભાઈ બોરીચા, શ્રી રાજુભાઈ મકવાણા, શ્રી અજયભાઈ વાઘેલા, શ્રી મંગળસિંહભાઈ પરમાર, શ્રી દીપાબહેન જોશી, શ્રી રાજુભાઈ બારૈયા, શ્રી શિવભદ્રસિંહ રાણા, શ્રી નરસિંહભાઈ મકવાણા તેમજ શ્રી કમલેશભાઈ વેગડનું વિશિષ્ટ પુરસ્કારથી અભિવાદન કરવામાં આવ્યું.

સાંપ્રદાયિક સૌહાર્દના પ્રતિક તરીકે ભાઈઓ-બહેનો તથા સર્વ સમુદાય માટે ક્રિડાંગણ પરિવાર માટે રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦ તથા બાલમંદિર પરિવાર માટે સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન યોજાતા નવરાત ઉત્સવના ૭ દિવસમાં ૨૬૦૦ તાલિમાર્થીઓએ શિસ્ત અને સૌહાર્દ પૂર્ણ વાતાવરણ સર્જેલ જે નોંધનીય બને છે.





### નવલા નવરાત્રિ પ્રસંગે પુરસ્કૃત ખેલૈયાઓ

**આરતી સુશોભન :** તારીખ ૧૯ : **તાલીમાર્થી :** અર્જુન, શુભમ, અભિષેક
વાલી : ગીતાબહેન રાઠોડ, ભારતીબહેન મકવાણા, નિશાબહેન બારૈયા

**ફેન્સી ડ્રેસ :** તારીખ ૨૦ : **તાલીમાર્થી :** પૂરવ, સોહમ, ગૌતમ
વાલી : શિતલબહેન ઢાપા, જાગૃતિબહેન ગોહેલ, પ્રિયાંશીબહેન ચૌહાણ

**વિશેષ અભિવાદન :** રીનાબહેન પરમાર, નમ્રતાબહેન મકવાણા, સુમિબહેન ચુડાસમા, બંસીબહેન ચુડાસમા, કિંજલબહેન ઢાપા.

### વિશેષ આભાર

નવલા નવરાત્રિ દરમિયાન ખેલૈયાઓને નિયમિત રીતે પોષક નાસ્તો, લ્હાણી, વિશેષ પુરસ્કાર તથા પ્રસાદ આપનાર સર્વ શ્રી ઈલાબહેન એમ. મહેતા, સરલાબહેન જતિનભાઈ ભટ્ટ, જગદીશભાઈ ત્રિવેદી પરિવાર(મુંબઈ) હસ્તે : ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટ, રાજુ નરશીભાઈ મકવાણા તમામ દાતાઓનો સંસ્થા આભાર માને છે.

# પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રોત્સાહન કાર્યક્રમ વર્ષ-૨૦૨૩




શ્રાદ્ધપક્ષ પ્રસંગે પિતૃઓની સ્મૃતિમાં દાન-ભોજનનો મહિમા અનન્ય છે અને સંસ્કારી સંતાનો પોતાનાં સ્વર્ગસ્થ માતા-પિતા કે વડીલોની સ્મૃતિમાં તર્પણ સ્વરૂપે કંઇ દાન કરે જ છે. ત્યારે શિશુવિહાર સંસ્થાની 'બાળ-કેળવણી' પ્રવૃત્તિ અંતર્ગત સોમવતી અમાસે શહેરની ૧૦ આંગણવાડી માંથી ઉપસ્થિત ૨૦૦ બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી બાળ ભોજન ગોઠવવામાં આવ્યું.

સર્વપિતૃ શ્રાદ્ધ પ્રસંગે તારીખ ૧૪ ઓકટોબર, શનિવાર, સવારે સંસ્થા પ્રાંગણમાં યોજાયેલ કાર્યક્રમમાં આંગણવાડી ઘટક ૧ તથા ૨ ના બાળકોએ જીવન શિક્ષણ તાલીમ નિદર્શન રજુ કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત ૨૫૦ બાળકોને દાતાશ્રી તરફથી વોટરબોટલ ભેટ આપવામાં આવી. ભાવનગર શહેરની ૩૧૬ આંગણવાડી બાળશિક્ષણના કાર્ય માટે સાધનસજજ બને તે માટે નાગરિકોના સહકારથી અગાઉ પણ શિશુવિહારે શહેરની આંગણવાડીને સંગીતના સાધનો, ફર્સ્ટ એઇડ બોકસ, પપેટ્સ ૧૦-૧૦ શૈક્ષણિક ચાર્ટ પ્રકારે સાધનો પહોંચાડયા છે. જેની સરાહના કરતાં કાર્યક્રમ અધ્યક્ષ અને ભાવનગર મહાનગર પાલિકાના કમિશ્નર શ્રી એન.વી.ઉપાધ્યાય(આઇ.એ.એસ) એ શિશુવિહાર સંસ્થાના છેલ્લા ૧૩ વર્ષના પ્રયત્નોની સરાહના કરી હતી.

સંસ્થા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ દવે તથા મંત્રીશ્રી ડૉ.નાનકભાઇ ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શિશુવિહારના કાર્યકર શ્રી હીનાબહેન ભટ્ટ, ડૉ.નેહલભાઇ ત્રિવેદી તથા સંસ્થા બાલમંદિરના શિક્ષકોના સહકારથી સંપન્ન થયું હતું. આ પ્રસંગે શિશુવિહારનાં ઉપક્રમે તારીખ ૩ એપ્રિલ-૨૦૨૩થી શરૂ થયેલ આંગણવાડી તાલીમમાં ઉત્તમ દેખાવ કરનાર ૧૦ શિક્ષકોનું અભિવાદન તથા ઉપસ્થિત બાળકો માટે શોલ્ડર બેગમાં વોટરબોટલ તેમજ ખીર-પુરીનાં બાળ ભોજનથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.













## આંગણવાડી દીઠ રૂા.૨,૫૦૦/-ની સાધન સહાય કરનાર દાતાશ્રીઓ પ્રત્યે સંસ્થા આભારની લાગણી વ્યકત કરે છે.

ડૉ.યજ્ઞેશભાઇ વ્યાસ(૬ આંગણવાડી), શ્રી ભાવનાબહેન જાગૃતભાઇ ભટ્ટ (૨ આંગણવાડી), શ્રી જાગ્રતભાઇ પ્રેમશંકરભાઇ ભટ્ટ(૨ આંગણવાડી), શ્રી અનિમેષભાઇ ભટ્ટ(૨ આંગણવાડી) શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, શ્રી ઉષાબહેન આર. પાઠક, શ્રી હીના મિતેશ ભટ્ટ, શ્રી વીરેન્દ્રભાઇ શાહ, શ્રી અરૂણકુમાર નટવરલાલ ભટ્ટ, શ્રી દર્શનાબહેન રાવલ, શ્રી દીપકભાઇ જોગી, શ્રી સંજયભાઇ જોગી, શ્રી જીગરભાઇ જોગી, ઉલ્લાસિનીબહેન જાની, કૃતિબહેન યજ્ઞેશભાઇ વ્યાસ, શ્રી ચંદ્રેશભાઇ જોશી, શ્રી પરેશભાઇ ત્રિવેદી, શ્રી જયદેવભાઇ ઉનડકટ, શ્રી વિજયભાઇ પી. શાહ, શ્રી ઉત્પલભાઇ પંડયા, શ્રી પ્રીતિબહેન નિશીથભાઇ મહેતા, શ્રી મનસુખભાઇ સલ્લા, શ્રી ભૂપતરાય એન ત્રિવેદી (પ્રત્યેકની ૧ આંગણવાડી).

## આંગણવાડી : સન્માનિત કાર્યકરો :

**સન્માનિત શ્રી પ્રીતિબેન પરેશભાઇ ભટ્ટ**

**આંગણવાડી નં.૧૪૨/૧, ભરતનગર.**

MA, B.ed જેવી ઉચ્ચતર અભ્યાસ ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી પૂર્વ પ્રાથમિક શિક્ષણને કારકિર્દી તરીકે પસંદ કરવી એ શિક્ષકની બાળ નિષ્ઠાનું દર્શન બને છે. આંગણવાડી કાર્યકર બહેન શ્રી પ્રીતિબેન પી. ભટ્ટનું સપનું છે, કે જરૂરીયાતમંદ બાળકોને થઇ શકે તેટલી મદદ કરવી. ૧૪ ઉપરાંત સ્પર્ધાઓમાં જીત મેળવી અનેક વિધ પ્રમાણપત્રો



પ્રાપ્ત કરેલ શ્રી પ્રીતિબેન આંગણવાડીનાં બાળકોના અત્યંત પ્રિયપાત્ર છે ! તેમની બાળશિક્ષણ-વિકાસ પરત્વેની સંવેદનાને આંગવાડીનાં બાળકો સન્માનિત કરે એ ખરા-અર્થમાં બાળશિક્ષણનું સન્માન છે. પ્રીતિબેન બાળકો માટે કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિ અને તેમનાં વ્યવહાર માટે બાળકો અને વાલીગણમાં અત્યંત પ્રિય છે. તેમનાં દ્વારા તૈયાર થયેલ બાળક ચોક્કસ સારો નાગરિક બનશે. તેમનાં યોગદાન બદલ સૌ ગર્વ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.



**સન્માનિત શ્રી ભારતીબેન દિલીપભાઈ ચૌહાણ**
**આંગણવાડી નં.૯૩/૧, ભોળાનાથ સોસાયટી.**

નિવૃત્તિ આડે થોડાં વર્ષ હોવાં છતાં શિશુકાર્યમાં પ્રવૃત્ત રહેવાની મહેચ્છા તેમની બાળકો પ્રત્યેના લગાવની પ્રતીતિ કરાવે છે. BA સુધી અભ્યાસ કરી અનેકવિધ પ્રમાણપત્રો મેળવનાર ભારતીબેનનું સ્વપ્ન છે કે, બાળ શિક્ષણમાં જીવનભર સક્રિય રહેવું. આ માટે તેઓએ ચિત્રકામ, આંગણવાડી સહિત વિષયોની સઘન તાલીમ પણ પ્રાપ્ત કરી છે. ભારતીબેનની બાળકો સાથેની નિસ્બતને વંદન ! તેમનાં દ્વારા આપવામાં આવેલ તાલીમ બાળકો જીવનપર્યંત યાદ રાખશે. બાળકોનાં માતા-પિતા પણ ભારતીબેનમાં રહેલા વાલીપણાને વંદન કરે છે ! આંગણવાડી પરિસરમાં અભિનય ગીત સાથે સ્વચ્છતા અને ઘરકામમાં માતાને મદદરૂપ થવાનો સંદેશો હરહંમેશ બાળકો માટે ઉપયોગી બનશે. ભારતીબેનનું સન્માન તેમની જ આંગણવાડીનાં બાળકો કરે તે બદલ સૌ ગર્વ અને આનંદની લાગણી અનુભવે છે.



**સન્માનિત શ્રી મયુરીબેન ભાર્ગવભાઈ પંડયા**
**આંગણવાડી નં.૧૪૮/૧, ભરતનગર.**

બાળ કેળવણીની દરેક તાલીમમાં અંગત-રસ લઇ બાળકો સાથે પ્રવૃત્તિ કરવામાં આવે તો ખુબ સંતોષકારક કાર્ય થઇ શકે. આવી ભાવના સાથે આંગણવાડી કાર્યરત શ્રી મયુરીબેન ઉમદા આંગણવાડી કાર્યકર છે. MA સુધી અભ્યાસ કર્યો પછી બાળકો પ્રત્યે અપાર સ્નેહ તેમને આ કાર્યમાં ખેંચી રાખે છે. મૂલ્યનિષ્ઠ બાળ શિક્ષણની યાત્રામાં અમૂલ્ય વર્ષો દરમ્યાન તેમણે બાળકો સાથે ગાયેલા ગીતો, અભિનય અને કહેલી વાર્તાઓ બાળકો માટે ખજાનો બની રહેશે ! શ્રી મયુરીબેનમાં વસેલા બાળ સ્નેહ, ને તેમની જ આંગણવાડીનાં બાળકો પોંખે તેનાથી રૂડું બીજું શું હોઇ શકે ! મયુરીબેનની કાર્યપ્રણાલી અને નિસ્બત માટે તેમનું અભિવાદન ગૌરવ પૂર્ણ બને છે.





**સન્માનિત શ્રી નીલમબેન અવિનાશભાઈ કણબી**
**આંગણવાડી નં.૬૦/૧, આનંદનગર.**

કોમ્પ્યુટર સાયન્સમાં સ્નાતક અને સમાજકાર્ય વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએટ વ્યક્તિ જ્યારે બાળ શિક્ષણમાં નવતર અનુભવ મેળવે ત્યારે સુખદ આશ્ચર્ય થાય ! આવું જ આશ્ચર્ય એટલે નીલમબેન ! અભિવાદન છે એમના બાળ શિક્ષક તરીકે બાળકોની સુષુપ્ત શક્તિ નિખારવા માટેના ઉત્સાહનું, તેમની તમન્ના નું ! આંગણવાડીમાં સુંદર સુશોભન એ નીલમબહેનની ઓળખ બને છે. બાળકોમાં સ્વયં શિસ્ત અને સમૂહ ભાવના કેળવાય તે માટે નીલમબેન સતત પ્રયત્નશીલ રહે છે. તેમના દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિ - પ્રયોગો અન્ય કાર્યકરો માટે પ્રેરણાદાયી છે. આ કાર્યને તેમની આંગણવાડીનાં બાળકો દ્વારા સ્નેહ પ્રાપ્ત થાય તે નીલમબહેનનું અદકેરૂ સન્માન છે. શ્રી નીલમબેનના બાળકાર્ય અને મૂલ્યનિષ્ઠાને વંદન...



**સન્માનિત શ્રી બીનાબા ચંદ્રસિંહ રાણા**
**આંગણવાડી નં.૧૧/૨, નારી.**

શિક્ષક તરીકે શ્રી બીનાબાએ આંગણવાડીની જવાબદારી લીધી તે પછીથી નારી ગામ જેવા અંતરીયાળ વિસ્તારની આંગણવાડી ''સમયસર'' ખુલતી થઇ, બાળકોની સંખ્યામાં વધારો થયો. એક આંગણવાડી કાર્યકર નખશિખ બાળશિક્ષક અને બાળકો પ્રત્યે સંવેદનશીલ હોવા જોઇએ ! શ્રી બીનાબા એટલે સક્રિય નિષ્ઠાવાન અને શૈક્ષણિક રીતે તાલીમબદ્ધતાનો સમન્વય. બાળકો અને વાલીઓમાં અત્યંત લોકપ્રિય કાર્યકર બન્યા છે. તેમની નવું-નવું જાણવા શિખવાની બાળ-સહજ જીજ્ઞાસાવૃત્તિ તેમને જાગ્રત શિક્ષિકા બનાવે છે. શિક્ષક આજીવન વિદ્યાર્થી છે. તે સુત્રને ચરિતાર્થ કરતાં બીનાબાનું અભિવાદન ખરેખર ગૌરવપ્રદ છે.

**સન્માનિત શ્રી જનકબા પ્રતાપસિંહ રાણા**
**આંગણવાડી નં.૫/૨, નવાપરા.**

આંગણવાડીનો હેતુ ૫ વર્ષે બાળક હસતા રમતાં શાળામાં જતું થાય તે છે ! આ માટે આંગણવાડીમાં બાળકો માટે રસપ્રદ પ્રવૃત્તિ થાય તે માટે સર્જનાત્મક, વિચારશીલ અને



સંવેદનશિલ કાર્યકર શિક્ષક હોવા જોઇએ આવા બાળશિક્ષક એટલે શ્રી જનકબા પ્રતાપસિંહ રાણા. આંગણવાડીમાં આવતા દરેક બાળકને પોતાનું બાળક સમજી ધીરજ અને શાંતિપૂર્વક તાલિમથી સજ્જ કરતા શિક્ષક બાળકોની મૂડી બને છે. MA સુધી ઉચ્ચ અભ્યાસ કર્યા પછી પણ પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં રસ-રુચિ દાખવીને સતત નવું શિખતા રહેવાની ધગશથી શ્રી જનકબાના પ્રયત્નો બાલવાડીના શિક્ષકો માટે પ્રેરણાદાઇ બને છે. બાળકોનાં અત્યંત પ્રિય, બાળકોની સાથે વાલીને પણ આંગણવાડીની પ્રવૃત્તિઓમાં જાડી રાખતા જનકબાનું સન્માન ગૌરવરૂપ છે.



**સન્માનિત શ્રી વર્ષાબા નરેન્દ્રસિંહ રાણા**
**આંગણવાડી નં.૪/૨, નારી.**

પછાત વિસ્તારમાં બાળવિકાસ અને કેળવણીનું મહત્વનું કેન્દ્ર એટલે આંગણવાડી અને આ કેન્દ્રની પ્રવૃત્તિઓમાં બાળકો સહિત વાલીઓને પણજોડી રાખવા એ કપરૂ કાર્ય છે ! આમ છતાં શ્રી વર્ષાબા નરેન્દ્રસિંહ રાણાએ આંગણવાડીમાં સૂજ-બૂજ અને આવડતથી બાળ ઉછેર કાર્યને શકય બનાવ્યું છે. ઓપચારિક શિક્ષણ ઓછું પરંતુ બહોળો અનુભવ તેમની કાર્ય સફળતાની ચાવી છે. બાળકો સાથે બાળક થઇને અભિનયગીત કરવા તેમને પસંદ છે. સતત નવું-નવું શિખવું અને શિખવવું વર્ષાબાનો શોખ છે. શ્રી વર્ષાબાની બાળકો માટેની નિસ્બત અને બાળ શિક્ષણની આવડતને તેમની જ આંગણવાડીનાં બાળકો દ્વારા સન્માનીત કરવામાં આવે તેનાથી બીજું મોટું સન્માન શું હોય ! શ્રી વર્ષાબાના અભિવાદન માટે સૌ ગૌરવ અનુભવે છે.



**સન્માનિત શ્રી હેતલબેન નિરવભાઇ ઓઝા**
**આંગણવાડી નં.૮૪/૧, ઘોઘા રોડ.**

બાળશિક્ષણનું કાર્ય એટલે નિત્ય નાવિન્યસભર પ્રવૃત્તિઓ ! બાળકો સામે બીબાઢાળ પ્રવૃત્તિ કરવામાં આવે તો સફળતા શૂન્ય રહે ! આ વાત સમજીને દરરોજ નવી પ્રવૃત્તિ અને એ પણ આજનાં બાળકને મજા પડે તેવી ડિજિટલ ટેકનોલોજી સાથે કરવાની શરૂઆત કરનાર આંગણવાડી કાર્યકર એટલે શ્રી હેતલબેન નિરવભાઇ ઓઝા પ્રિ.પ્રાયમરી ટિચર્સ ટ્રેઇનિંગ મેળવ્યા પછી બાળ કેળવણીની સૈદ્ધાંતિક સમજ કેળવી અને પ્રાયોગિક તાલીમ માટે આંગણવાડીમાં જોડાયા. આંગણવાડીમાં ઉપલબ્ધ સાધનો ઉપરાંત વ્યકિતગત લેપટોપ દ્વારા તદ્દન નવી જ સૃષ્ટિ બાળકો સમક્ષ ખડી કરી છે. શ્રી હેતલબેનનાં પ્રયત્નો વાલીઓ પણ રસપ્રદ રીતે માણે છે. તેમની કાર્યપ્રણાલી અને શિક્ષણ પરિવર્તન અંગેના અભિગમને બાળકો દ્વારા સન્માનીત કરતાં સૌ આનંદ અને ગર્વની લાગણી અનુભવે છે.



**સન્માનિત શ્રી શ્રદ્ધાબેન નરેન્દ્રકુમાર સોલંકી**
**આંગણવાડી નં.૧૫/૨, આખલોલ જકાતનાકા.**

ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને બાળ કેળવણીને કારકિર્દી તરીકે પસંદ કરી આંગણવાડીને ખરા અર્થમાં નંદઘર બનાવ્યું છે. કેન્દ્રમાં પ્રવેશતાંજ તેમની બાળપ્રેમ અને સુજ-બૂજની પ્રતિતિ થાય છે. શ્રદ્ધાબેનને ગીત, સંગીત અને અભિનયમાં રસ હોવાથી અભ્યાસ કરતાં સમયે અનેક સન્માનો - પ્રમાણપત્રો મેળવ્યા છે, શ્રદ્ધાબેનની આ આવડતને બાળકોને શિસ્ત, સ્વચ્છતા અને શિક્ષણનાં સુભગ સમન્વય સુધી દોરી જવા માટેનું માધ્યમ બનાવ્યું છે. આંગણવાડીમાં વાલીઓને વધારે સંખ્યામાં જોડી નિયમિત રીતે પ્રવૃત્તિ કરવાની પ્રક્રિયાનાં પરિણામે આજે ૨૦ થી વધારે વાલી આંગણવાડીનાં કાર્યોમાં નિયમિત રીતે સહયોગી બને છે જે પ્રેરણાદાયી છે. શ્રદ્ધાબેનની કાર્યનિષ્ઠા, બાળકો સાથેની નિસ્બત, રમત-અભિનયની આવડત અને બાળકો સાથેનો લગાવનું સન્માન એમની જ આંગણવાડીના બાળકો કરે તે ગૌરવપ્રદ છે.



**સન્માનિત શ્રી રચનાબેન એમ. પરમાર**
**આંગણવાડી નં.૧૧૨/૧, સુભાષનગર.**

છેલ્લા ૨૩ વર્ષથી બાળશિક્ષણ સાથે જોડાયેલા શ્રી રચનાબેન પરમારનું સ્વપ્ન છે. ‘‘દરેક બાળક સુપોષિત બને અને સ્વસ્થ સમાજની રચનામાં અગ્રેસર બને’’. આ માટે શરૂઆત તેઓએ પાયાની કેળવણીથી કરી છે. શ્રી રચનાબેન વાલીઓ સાથે સમયાંતરે સંપર્ક અને બાળકો સાથે નવીન્યસભર પ્રવૃત્તિઓ થકી સફળ આંગણવાડી કાર્યકર બન્યાં છે. અનેકવિધ પ્રવૃત્તિઓમાં ૧૭ જેટલાં પ્રમાણપત્રો મેળવ્યાં છે. બાળ કેળવણી માટે નવતર દ્રષ્ટિકોણથી બાળકોનો કૌશલ્ય વિકાસ થાય તેવા પ્રયત્નો શ્રી રચનાબેનની બાળ નિષ્ઠા વ્યકત કરે છે. આંગણવાડીમાં સુશોભન, સ્વચ્છતા, પ્રવૃત્તિઓમાં નવિનતા, વાલી સાથે નિયમિત સંપર્ક, થકી તેમણે કાર્યને ઉજાવ્યું છે! શ્રી રચનાબેન પરમારની પ્રતિબદ્ધતા અને બાળવિકાસની પ્રવૃત્તિ માટે તેમની જ આંગણવાડીનાં બાળકો દ્વારા અભિવાદન ગૌરવ અને આનંદની લાગણી પ્રેરે છે.

## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર



ઓકટોબર માસ દરમ્યાન બાળકોની સંખ્યા ૮૫ રહી હતી. સમૂહ સંગીત સમયે ૯ બાળકોનો જન્મદિવસ તેમના માતા-પિતાની હાજરીમાં ઉજવવામાં આવ્યો. બાળકો સમૂહમાં રહીને પ્રવૃત્તિ કરે એ હેતુથી અંગસ્વચ્છતા, રમકડા બનાવવા તથા વિવિધ રમતો રમાડવામાં આવી. વૈજ્ઞાનિક અભિગમ વધે એ માટે રંગમિશ્રણ લાલ+પીળો=કેસરી, લીલો+પીળો=પોપટી, ભૂરો+સફેદ=વાદળી, લાલ+સફેદ=ગુલાબી રંગ થાય તે પ્રત્યક્ષ બતાવવામાં આવ્યું. રંગ મિશ્રણ પ્રવૃત્તિમાં બાળકોને ખૂબ રસ પડયો. આ માસમાં વિવિધ કપડા અને શાકભાજીનું પ્રદર્શન યોજવામાં આવ્યું. બાળકો તથા વાલીઓએ પ્રદર્શન ઉત્સાહભેર નિહાળ્યું. ૮૦ માં અનુભવ વર્ગની ચાર બહેનોને પ્રીતિબહેને હસ્ત ઉદ્યોગ તાલીમમાં ટાંકાકામ, બટન લગાવવું, કાગળ ઉપર બાટિક કામ કરાવ્યું. આ ઉપરાંત બાળકનું અવલોકન કેમ કરવું, અર્ધમુકત અને પૂર્ણમુકત વ્યવસાયના સાધનોનો બાળકોને કેવી રીતે ઉપયોગ કરાવવો તે બતાવ્યું. શ્રી નિર્મોહીબહેન ભટ્ટ, શ્રી ચંદ્રેશભાઇ બદીયાણી, શ્રી રાજકક્કા, શ્રી દેવાંગભાઇ શાહ, શ્રી શિવાનીબહેન મિશ્રા, શ્રી કલાબહેન શાહ, શ્રી સુશીલાબહેન શાહ, શ્રી જસુબહેન જાની, શ્રી ચિરંતનભાઇ વોરા, શ્રી માલવભાઇ શાહ, શ્રી જ્યોતિબહેન વ્યાસ તરફથી બાળકોને મિષ્ટાન સાથે પોક્ષક આહાશ આપવામાં આવ્યું. ચિ.ત્રિશા મેહુલભાઇ પરમાર તથા હેજલ કાર્તિકભાઇ વેગડ તરફથી બાળકોના નાસ્તા માટે રૂા.૧૦૦૦/- મળ્યા છે. સંસ્થા તરફથી દાતાશ્રીનો આભાર. આ માસની વિશેષ પ્રવૃત્તિમાં નવરાત્રિના નવ દિવસ સંગીત સમયે ગરબા તથા વાલીઓ માટે આરતીની થાળી સુશોભન હરિફાઇ રાખવામાં આવી હતી. ૩૦ વાલીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. ત્રણ ઉત્કૃષ્ટ નમુનાને સંસ્થા તરફથી પ્રોત્સાહિત ઈનામ અપવામા આવ્યા હતા. માસ દરમ્યાન સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળાના ૭૭(વાળુકડ) વિદ્યાર્થી તથા લોકભારતી



સણોસરાના ૮૫ વિદ્યાર્થી બાલમંદિરનું અવલોકન કરવા પધાર્યા હતા.

અનુભવ તાલિમવર્ગ તથા સંસ્થાની બાળકેળવણી સાથે સંલગ્ન કાર્યકરો તા.૩૧ ઓકટોબરે લોકભારતી સંસ્થાના અધ્યાપન મંદિરની શૈક્ષણિક મુલાકાતે ગયા હતા.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃતિઓ



● નવલા નોરતાના પ્રારંભે કંકાવટી ગ્રુપ દ્વારા બહેનો માટે રાસગરબા કાર્યક્રમ શિશુવિહાર ખાતે યોજાઇ ગયો. કંકાવટી ગ્રુપનાં ૩૦૦ બહેનોએ મન મૂકી ગરબા રમી મોજ કરી હતી. તા.૨ ઓકટોબરે યોજાયેલા કાર્યક્રમમાં ઉંમર પ્રમાણે બહેનોને ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે આશીર્વાદ આપવા ગિરીશભાઇ શેઠ, જગડદાદા, ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે બહેનોએ માતાજીની આરતી કરી હતી. કાર્યક્રમનું સંકલન શ્રી રાજેશ્રીબેન પરમારે કર્યુ હતું.

● વિદ્યાર્થીઓને અનુભવ દ્વારા કેળવણી આપતી લોક ભારતી સંસ્થાના અધ્યાપન મંદિરના ૮૫ વિદ્યાર્થીઓ તારીખ ૫ અને ૬ ઓકટોબરે સંસ્થા બાલમંદિરની મુલાકાતે આવ્યા તથા સંસ્થાના ઉપક્રમે ચાલતા આંગણવાડી તાલીમ કાર્યક્રમનું નિરિક્ષણ કર્યુ હતું.



● શ્રી નવીનભાઇ નાવડીયાના સંયોજનમાં નવરંગ કર્તા ગ્રુપ દ્વારા હિંદી ફિલ્મ ગીતોનો કાર્યક્રમ તારીખ ૮ ઓકટોબરે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. ૨૫૦થી વધુ શ્રોતાઓની ઉપસ્થિતિમાં ગાયકોએ ફિલ્મ અદાકાર દેવાનંદજીની શતાબ્દી મનાવી હતી.

● સૂર સંગમ કલા સંસ્થા દ્વારા ''સપ્તસુરી સંધ્યા''નો ૭૫મો કાર્યક્રમ તા. ૧૫ ઓકટોબરે શ્રી પ્રશાંતભાઇ ભટ્ટના સંકલનતળે યોજાઇ ગયો. જૂના હિન્દી ફિલ્મી ગીતો કાર્યક્રમ માણવા માટે ૩૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા ૭૫ માસથી શિશુવિહાર રંગમંચ ઉપર શ્રોતાઓને નિઃશુલ્ક મનોરંજન




આપતા ગાયકો અને વાદકોની આ નિષ્ઠાને ભાવનગરની જનતાએ તાળીઓના ગુંજથી બિરદાવી હતી.

● ભાવનગરની વ્હોરા કમ્યુનીટીના એન્ટરપ્રનર બહેનો દ્વારા ૧૫ ઓકટોબરે સંસ્થાના મધ્યસ્થ ખંડમાં પ્રદર્શન-વેચાણ યોજાઇ ગયું. માત્ર બહેનો માટેના એક દિવસીય ઉત્પાદન વેચાણ કાર્યક્રમનો લાભ ૧૫૦૦ થી વધુ બહેનો એ લીધો હતો. કાર્યક્રમનું સંકલન બશીરા વરતેજીએ કર્યુ હતું.

● સ્વામી વિવેકાનંદ પ્રાથમિક અને માધ્યમિક શાળા લોક વિદ્યાલય વાળુકડનાં ૭૭ વિદ્યાર્થીઓ શિશુવિહાર સંસ્થાની શૈક્ષણિક મુલાકાતે પધાર્યા હતા. તારીખ ૧૬ ઓકટોબરે સંસ્થા પ્રાંગણમાં યોજાયેલ કિશોરી તાલિમમાં પણ જોડાયા હતા.



● ‘‘બેટી બચાવો બેટી પઢાઓ’’ યોજના (જિલ્લા મહિલા અને બાળ અધિકારની કચેરી) અને ‘‘પુર્ણા’’ યોજના (આઇ.સી.ડી.એસ.શાખા)ના સંયુકત ઉપક્રમે ભાવનગર જિલ્લા કક્ષાનો ‘‘સશકત દીકરી સુપોષિત ગુજરાત’’ થીમ આધારિત કિશોરી મેળો શિશુવિહાર સંસ્થા ખાતે તા.૧૬ ઓકટોબરે યોજવામાં આવ્યો હતો. આ મેળામાં ગુજરાત સરકારની ‘‘બેટી બચાવો બેટી પઢાઓ’’ યોજના હેઠળ વ્હાલી દિકરી યોજના અંતર્ગત ૧૦ લાભાર્થીઓને સ્થળ પર દિકરી વધામણા કીટ અર્પણ કરવામાં આવી હતી. કિશોરીઓને તેમના જીવન આધારિત એવા મહત્વપૂર્ણ વિષય વિશે માહિતગાર કરી સશકત બનાવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં સાંસદ ડૉ. ભારતીબેન શિયાળ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઇ બારડ, કમિશ્નર એન.વી.ઉપાધ્યાય, ડેપ્યુટી કમિશ્નર એમ.આર.બ્રહ્મભટ્ટ, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઇ તેમજ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



● સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા સ્ટાફ માટેના રાસ-ગરબાનો પારિવારિક કાર્યક્રમ નવમાં નવરાત્રિએ સંસ્થા પ્રાંગણમાં યોજાયો. સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા-ભાવનગરનાં ચીફ મેનેજર(HR) શ્રી જયેશભાઇ વેદની ઉપસ્થિતિમાં યોજાયેલ પારિવારિક ગરબા મહોત્સવમાં ૩૦૦ થી વધુ કર્મચારી જોડાયા હતો. ભોજન બાદ મોડી રાત્રી સુધી યોજાયેલ નવરાત્રિ ઉત્સવનું સંકલન રીજીયોનલના સંપર્ક અધિકારી શ્રી સંદિપભાઇ ભટ્ટે કર્યુ હતુ. ૨૩ ઓકટોબરે શિશુવિહારનાં સુવિધાજનક પરિસરમાં નવરાત્રિ ઉત્સવ આનંદ સભર બની રહ્યો હતો.






● શ્રી કેતનભાઇ આવસત્થીની પરિકલ્પના અનુસાર શહેરનો લોકપ્રિય સંગિત કાર્યક્રમ‘‘એક શામ આપકે નામ’’ નો ૧૫૧ મો કાર્યક્રમ દશેરા ઉત્સવે રંગમંચ પ્રસ્તુતી પામ્યો હતો. ૨૪ ઓકટોબરે ૨૦૦ થી વધુ શ્રોતાઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ હિન્દી ફિલ્મી ગીતોના કાર્યક્રમનું સંકલન શ્રી પિંકીબેન આવસત્થીએ કર્યુ હતું.





● બુધસભા તથા કવિતાકક્ષ ભાવનગરના સંયુકત ઉપક્રમે નરસિંહ એવોર્ડ સન્માનિત કવિ જવાહર બક્ષીના એકલ કાવ્યપાઠ પ્રસ્તુતિનું આયોજન કરવામાં આવેલ. જૂનાગઢ માં જન્મેલા અને હાલ મુંબઇ ખાતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે કાર્યરત કવિ જવાહર બક્ષી આદિકવિ નરસિંહ મહેતાના વંશજ હોવા ઉપરાંત આધ્યાત્મિક ગુરૂ અને યોગશિક્ષક પણ છે. શિશુવિહાર બુધસભાના સ્થાપક આચાર્ય તખ્તસિંહજી પરમારની સ્મૃતિમાં તા.૨૬ ઓકટોબરે આયોજીત કાર્યક્રમમાં કવિ શ્રી જવાહર બક્ષીએ પોતાની સર્જનયાત્રા વિશે સંવાદ સાથે એમની પસંદગીની કવિતાઓ પ્રસ્તુત કરી હતી. ભોજનબાદ સંપન્ન થયેલ કાર્યક્રમમાં ૭૦ થી વધુ સાહીત્ય રસિકો સામેલ થયા હતા. કાર્યક્રમનાં પ્રારંભે શિશુવિહાર સંસ્થાએ શ્રી જવાહરભાઇનું પુસ્તક સંપુષ્ટથી સ્વાગત કર્યુ હતું. જ્યારે બુધસભાના કવયિત્રી શ્રી નેહાબેન પુરોહિત અને કવિ ડૉ. હિમલભાઇ પંડયાએ કાર્યક્રમનું સંકલન કર્યુ હતું.

## આરોગ્ય

### ૪૭૨ તથા ૪૭૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ




સ્વ.જીતેન્દ્રરાય ઈશ્વરલાલ મહેતાના સ્મરણાર્થે ૪૭૨મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી શૈલેષભાઇ મહેતા પરિવારની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાઇ ગયો. તેમજ શ્રીમતી જશકોરબહેન ન્યાલચંદભાઇ વકીલના સ્મરણાર્થે ડૉ.સ્વ.નિર્મળભાઇ વકીલ તથા શ્રી ભરતભાઇ વકીલના સૌજન્યથી ૪૭૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી જ્યોતિબહેન મનીષભાઇ વકીલની ઉપસ્થિતિમાં તા.૨૭ ઓક્ટોબરના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઇ હોસ્પિટલના સહયોગથી યોજાતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૬૯ દર્દીઓની આંખ તપાસ ડૉ. શ્રી હિરવાબહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ. મિનાક્ષીબહેન ભરતભાઇ ગરિવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૧૫ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે તેમજ દર્દીઓના ૧૦ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઇ જવામાં આવ્યા.

દર્દી દેવોભવની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. સંસ્થાકીય આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઇ મકવાણા અને પરિખ ફાઉન્ડેશન(મુંબઇ) દ્વારા મળેલ બસમાં દર્દીઓને વિરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઇ વેગડ અને શિવભદ્રસિંહ રાણાની સેવા નોંધનીય રહી હતી.

## કાંઠા વિસ્તારના ગામડાઓ માટે આરોગ્ય શિબિર

શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્ય થી **તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૩નાં રોજ ભાલ વિસ્તારનાં માઢિયા ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ. જેમાં ૩૯૯ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશ્મા વિતરણ**






**કરવામા આવેલ.** તેમજ **તા.૧૬ ઓક્ટોબર ૨૦૨૩નાં રોજ ભાલ વિસ્તારના સનેસ ગામ ખાતે યોજાયેલ આરોગ્ય શિબીરમાં ૩૧૭ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશમા વિતરણ કરવામાં આવેલ.** આ પ્રસંગે વાઘ બકરી ટી પ્રોસેસિંગ યુનિટ દ્વારા મળેલ મેડીકલ વેનના વિશેષ ઉપયોગથી બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ ઉપક્રમે શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ બાળ પુસ્તકો તથા બાલ આરોગ્ય સૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ શિબિરમાં યુનિસેફ તથા ભાવનગર જિલ્લા બ્લોક ઓફિસના અધિકારીશ્રીઓ પધારેલ અને શિશુવિહાર સંસ્થા તથા નિરમા લિમિટેડના ઉમદા કાર્યને બિરદાવ્યા હતા... આરોગ્ય શિબિરમાં શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ.અરવિંદભાઇ ત્રિવેદી, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી કમલેશભાઇ વેગડ, શ્રી યોગેશભાઇ શાહ તથા નિરમા લિમિટેડ મેડિકલ ડિપાર્ટમેન્ટના સિનિયર આસિસ્ટન્ટ શ્રી મુકેશભાઇ ગોહેલ તથા ગામના સરપંચ શ્રી બિપીનભાઇ ચુડાસમા તથા આચાર્ય શ્રી યુવરાજસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ... કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઇ મકવાણાએ કર્યું હતું.






# નિરમા ઉદ્યોગ દ્વારા કાંઠા વિસ્તારના ૯ ગામોમાં પોષક આહાર યોજનાનો પ્રારંભ



ભાવનગરની જાણીતી સંસ્થા શિશુવિહાર અને આઇ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત ભાવનગરના ભાલ વિસ્તારના પછાત ગામ જશવંતપુર, માઢીયા, ગણેશગઢ, ખેતા - ખાટલી, નર્મદ અને કાળા તળાવ તેમ ૧૦ આંગણવાડીના ૨૫૮ કુપોષિત બાળકોને પોષણયુકત 'હૈદરાબાદી મિક્ષ્ચર' આહારના ૧૦૩૨ પેકેટનું વિતરણ ઓકટોબર માસના ચોથા સપ્તાહમાં કરવામાં આવ્યું.

નિરમા લિમિટેડના આર્થિક સહયોગથી ભાલ પંથકના જરૂરિયાતમંદ બાળકોને સૂપોષિત કરવાના પ્રયત્નના ભાગરૂપે સપ્ટેમ્બર અને ઓકટોબરના કુલ ૮ અઠવાડીયા દરમિયાન કુલ ૮૨૫૬ પોષક આહારના પેકેટ બાળકોને આપવામાં આવેલ. બાલ આરોગ્ય ક્ષેત્રે નોંધનીય અને અનુકારણીય આ સત્કાર્ય ૨૦૦ દિવસ સુધી શરૂ રહેનાર છે. જે નોંધનીય બને છે.

-સંકલન : હિનાબહેન ભટ્ટ

## વાઘબકરી ફાઉન્ડેશનના સૌજન્યથી શાળામાં આરોગ્ય તપાસ

| શિબિર ક્રમાંક | ઓકટોબર તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબીન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૧૯ | ૦૪-૧૦ | ૬૮-ગૌશાળા | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૦ | ૦૯-૧૦ | ૭૨-ભરતનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૧ | ૧૦-૧૦ | ૭૩-સરદારનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૨ | ૧૨-૧૦ | ૮૦-વિદ્યાનગર | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨૩ | ૧૩-૧૦ | ૨૮-રસાલા કેમ્પ | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | | | | |
| | | **કુલ : ૬૦૦** | **૨૦૦** | **૨૦૦** | **૨૦૦** |



## ● પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંવર્ધન કાર્યક્રમ અંતર્ગત ઓકટોબર માસમાં ૩૩ આંગણવાડીના ૬૬૫ બાળકોએ શિશુવિહાર કેન્દ્રમાં આવી જીવન શિક્ષણ તાલીમ મેળવેલ બાળકોની સંકલિત વિગત

● ઓકટોબર માસમાં તાલીમ ક્રમ ૬૯ થી ૮૫ અંતર્ગત શહેર ઘટક-૧ના આંગણવાડી તાલીમની સંકલિત વિગત :

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|
| શિવાજીસર્કલ | ૧૨૩,૧૨૫ | ૪૩ |
| શિવાજીસર્કલ | ૧૧૭,૧૧૮ | ૪૦ |
| શિવાજીસર્કલ | ૧૩૦,૧૩૩ | ૪૦ |
| શિવાજીસર્કલ | ૧૨૮,૧૨૯ | ૪૦ |
| શિવાજીસર્કલ | ૧૨૧,૧૨૨ | ૪૦ |
| શિવાજીસર્કલ | ૧૦૨,૧૫૯ | ૪૦ |
| કરચલીયાપરા | ૧૯,૧૨,૨૯,૨૩,૬ | ૮૦ |
| મોંઘીબેન બધેકા બાલમંદિર | ૧૭,૧૫,૫,૧૧ ૮-શિશુવિહાર | ૧૪૨ |

| વિસ્તાર | કેન્દ્ર નંબર | બાળકોની સંખ્યા |
|---|---|---|
| શિવાજીસર્કલ | ૧૫૮,૧૬૦ | ૪૦ |
| શિવાજીસર્કલ સુભાષનગર | ૧૨૪, ૧૩૪ | ૪૦ |
| શિવાજીસર્કલ | ૧૨૬,૧૨૭ | ૪૦ |
| કરચલીયાપરા | ૩,૧૬ | ૪૦ |
| કરચલીયાપરા | ૪,૫ | ૪૦ |
| કુલ | | ૬૬૫ |

-સંકલન : પ્રિતિબહેન ભટ્ટ

**વિશેષ ઉપસ્થિતિ :**

**ભાવનગર મહાનગરપાલિકાના કમિશ્નર શ્રી ઉપાધ્યાય સાહેબ, ડેપ્યુટી કમિશ્નર શ્રી એમ.આર.બ્રહ્મભટ્ટ, નિરમા લિમિટેડના શ્રી મેહુલભાઇ દેસાઇ પધાર્યા હતા.**

**એપ્રિલ-૨૦૨૩થી શરૂ થયેલ તાલીમમાં શહેરની ૧૭૫ આંગણવાડીના ૩૦૪૦ બાળકોએ જીવન શિક્ષણ તાલીમ લીધી છે. જે નોંધનીય બને છે.**









# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ સ્કાઉટ તાલીમ

ઓક્ટોબર માસમાં સાંજના ૫:૩૦ થી ૭:૩૦ દરમ્યાન ક્રિડાંગણમાં નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. માસ દરમ્યાન ખારો પાઠ, કબડ્ડી, બેઠી રમતો પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંજની પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના, ધૂન, સમૂહગીત અને હર્ષનાદો કર્યા હતા. તેમજ પાર્થ, અભિષેક, બિકુલ, દેવનો જન્મદિવસ ઉજવવામાં આવેલ. સ્વ.રજનીભાઇ જે. ઓઝાના જન્મદિવસ નિમિત્તે સ્કાઉટના વિદ્યાર્થીઓને પોષક આહાર (હસ્તે. શ્રી હિનાબહેન ભટ્ટ) તેમજ શ્રી ગીતાબહેન રશ્મિકાંતભાઇ પંડ્યા તરફથી સ્કાઉટના વિદ્યાર્થીઓને પોષક આહાર (હસ્તે. શ્રી કાર્તિકભાઇ પંડ્યા) આપવામાં આવેલ.





મહાત્મા ગાંધીજીની ૧૫૪મી જન્મજયંતિ પ્રસંગે ક્રિડાંગણ તાલીમાર્થીઓ તેમજ શિશુવિહાર સંસ્થાના કાર્યકરો દ્વારા શ્રમયજ્ઞ યોજવામાં આવ્યો. બીજી ઓક્ટોબરે સવારે સ્વચ્છાગ્રહ સંકલ્પ સાથે બાળકો માટેના બાલદેવનમાં યોજાયેલ કાર્યક્રમ સમયે શ્રી પરેશભાઇ પાઠકે પૂજ્ય મહાત્મા ગાંધીના સ્વરાજ્ય પ્રદાન વિશે વિદ્યાર્થીઓને વાત કહી હતી. પ્રાર્થના અને નાસ્તા સાથે કાર્યક્રમ સંપન્ન થયેલ તેમ ઓએસિસ આયોજીત જીવન પ્રેરક વાંચન અભિયાન અંતર્ગત ''શીખવું એટલે'' વિષયે સ્કાઉટના વિદ્યાર્થીઓની શિબિર યોજાઈ જેમાં વિદ્યાર્થીઓને પુસ્તક આપી વિચારો રજુ કરાવાયા હતા. આ શિબિરમાં ૪૦ વિદ્યાર્થીઓને મંગળસિંહભાઇ પરમારનું માર્ગદર્શન મળ્યું હતું. ભાવનગર જિલ્લા ભારત-સ્કાઉટ ગાઇડ સંઘ તરફથી વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ખરી કમાઇ સપ્તાહ ઉજવાયું જેમાં શિશુવિહાર સ્કાઉટ ઓપન ટ્રુપના વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૭ દિવસની ખરી કમાઇ સપ્તાહમાં વિદ્યાર્થીઓએ દળમાં તેમજ ૬ વિદ્યાર્થીઓએ વ્યક્તિગત રીતે ખરી કમાઇ કરી હતી. આજના સમયમાં વિદ્યાર્થી પૈસાનું મુલ્ય સમજે તેમજ જાતે કામ કરતા શીખે તેવા હેતુથી ખરી કમાઇ સપ્તાહ ઉજવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાઇ બની રહેલ.

**-સંચાલક : કમલેશભાઇ વેગડ**



### ફિઝિયોથેરાપી તથા ફિટનેસ સેન્ટર :



શેઠ પરિવારના સહયોગથી વર્ષ ૨૦૧૭ થી કાર્યરત શિશુવિહાર ફિઝિયો થેરાપી સેન્ટરના ઉપક્રમે પ્રથમ નવરાત્રિ પ્રસંગે હાડકા અને મસલ્સની ફરિયાદ સંબંધે વિશેષ કેમ્પ યોજવામાં આવ્યો... ભાવનગરના જાણીતા ઓર્થોપેડિક એમ. એસ. ડોક્ટર પ્રશાંતભાઇ વ્હોરાના વિશેષ માર્ગદર્શન નીચે. સહજાનંદ કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના ડોક્ટર શ્રી ભાવિકાબેન હરિયાણી તથા ડોક્ટર શ્રી જાનવીબેન તેજાણી દ્વારા ૨૫ થી વધુ પેશન્ટની વિશેષ તપાસ કરવામાં આવી...

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ તથા સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડો.ભાવિકાબેન હરિયાણીના કન્સ્ટલ્ટેશન હેઠળ ઓક્ટોબર માસમાં ૭૦૩ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૫ ભાઇઓ તથા ૧૦ બહેનો આવ્યા હતા.

**-સંચાલકઃ શ્રી નિશાબહેન બારૈયા**

### વયસ્કો માટે ૩૪૪ મી દ્રષ્ટિ ચકાસણી શિબિર :

શ્રી સુધાબહેન કનુભાઇ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી ઓક્ટોબર માસમાં ૪ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઇ. શ્રી અંકિતાબેન ભટ્ટ Refractometer દ્વારા બાવન વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**-સંચાલકઃ શ્રી રાજુભાઇ મકવાણા**

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર :

ઓક્ટોબર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમ્યાન એલોપેથીની સારવારનો લાભ ૨૩૭ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરના નિષ્ણાત ડોક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી.

**-સંચાલકઃ ડો. અરવિંદભાઇ ત્રિવેદી**

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું :

શ્રી નિશીથભાઇ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજના ૫-૩૦ થી ૬-૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઇમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૭૫૦ નાગરિકોએ લીધેલો.

**-સંચાલકઃ શ્રી નરસિંહભાઇ મકવાણા**

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા :

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬-૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. સપ્ટેમ્બર માસમાં ક્રમાંક ૧૮૧ થી ૧૮૪ અંતર્ગત વિદ્યાર્થીઓને સાઇકલની સંભાળ, કપડાને ઇસ્ત્રી કરવી, આરતી ડેકોરેશન, દીવાને ડેકોરેશનની જાણકારી આપવામાં આવી હતી, જેમાં ૧૬૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

**-સંચાલકઃ શ્રી પ્રીતિબેન ભટ્ટ**

## સંસ્કાર, સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય શિશુવિહાર

ઓક્ટોબર માસમાં ૯૦ વાચક સભ્યોએ ૧૩૦ પુસ્તકો વાંચ્યા હતા. મુલાકાતી સભ્યોની સંખ્યા ૪૦ રહી. શ્રી શ્યામભાઇ પાઠકે ''રાગ'', શ્રી રાજુભાઇ દવે ''આયુર્વેદ ઉપનિષદ તથા સ્વાસ્થ્યની વાસ્તવિકતા'', ''પરમ સુખી થવાના ઉપાયો'', ''સત્યના પ્રયોગો આત્મકથા'', જિલ્લા પુસ્તકાલય ભાવનગર તરફથી ૬૦ પુસ્તકો ભેટમાં મળેલ છે. સાહિત્ય પ્રેમીઓનો સંસ્થા આભાર માને છે.

**-સંચાલકઃ શ્રી મંગળસિંહ પરમાર**

### બાલદેવ વન :

ઓક્ટોબર માસ દરમ્યાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એકસેલ ક્રોપ કેર પ્રેરીત નોલેજ પાર્કમાં ૩૯૦ બાળકો પોતાનાં વાલી સાથે રમવા આવ્યા હતા. આંગણવાડી ઘટક-૧ નાં ૨૦૦, કેન્દ્ર નં-૫ ના ૨૦, કેન્દ્ર નં-૬ ના ૨૦, ઘટક-૨ ના ૧૫૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતા તમામ બાળકોને સંસ્થા તરફથી 'બાળ આરોગ્ય સૂત્ર' પુસ્તક ભેટ આપવામાં આવેલ.

**-સંચાલકઃ શ્રી હિનાબેન ભટ્ટ**

### ર.વિ. ગોસળિયા ક્રિડાંગણ

ક્રિડાંગણમાં મુકત મને નિજાનંદ માણતા બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા, ઉંચક-નીચક, બેલેન્સી ચાલ, લસરપટ્ટી જેવા સાધનો ઉપર બાળકો ખુબ મજા માણે છે. ઓક્ટોબર માસ દરમ્યાન ૯૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી આનંદ માણેલ.

**-સંચાલકઃ શ્રી હિનાબેન ભટ્ટ**

### જ્યોતિ મંડળ સિવણ વર્ગ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

ઓક્ટોબર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૫ રહી હતી. ૨૮ ઓક્ટોબરે શ્રી પ્રીતિબહેન તેમજ ગુલાબબા દ્વારા કાપડમાંથી દિવાળીને અનુરૂપ જુદા જુદા તોરણ બનાવવાની તાલીમ આપવામાં આવેલ. ૧૪ બહેનોએ આ પ્રવૃત્તિનો લાભ લીધો.

**-સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ**



### તાલીમ :

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૪ ઓક્ટોબરે યોજાયેલ. જેમાં માસ દરમ્યાનનાં નિયત કાર્યો તથા આયોજીત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

**-સંચાલકઃ પરેશભાઇ પાઠક**

### માંદગી સાધન સહાય :

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. ઓક્ટોબર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઇ પી. તંબોળી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૮૨ દર્દીઓએ લાભ લીધો હતો.

**-સંચાલકઃ અનિલભાઇ જોશી**

### સંગીત વર્ગ :

ઓક્ટોબર માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૨ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

**-સંચાલકઃ શ્રી દેવુભાઇ મહેતા**

### દિવ્ય જીવન :

શિશુવિહાર દિવ્ય જીવનની પ્રાર્થના સભા પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકા પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

**-સંચાલકઃ શ્રી ઈન્દાબહેન ભટ્ટ**

### સ્વરોજગાર :

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંર્તગત ૩ શ્રમિક બહેનો દ્વારા ઓક્ટોબર માસમાં કપડાની ૫૧૦ થેલી તૈયાર થતાં રૂ.૨૦૪૦ ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાના પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં રૂા.૯૨,૪૪૫ કાપડની થેલીઓ જરૂરીયાતમંદ કુટુંબો સુધી પહોચાડવામાં આવી છે.

**-સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

### મનોરંજન :

બાલામંદિર અને શાળા કૉલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ પોશાક સંસ્થાના મનોરંજન વિભાગમાંથી સાંજના ૪-૩૦ થી ૭-૩૦ દરમિયાન મળી શકે છે. ઓક્ટોબર માસ દરમિયાન ૯ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

**-સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ**

**સાભાર સ્વીકાર :** શ્રી કૌશિકભાઇ કોઠારી (કોઇમ્બ્તુર) તરફથી કાપડના બે પાર્સલ ભેટ મળેલ છે. સંસ્થા કૌશિકભાઇનો આભાર વ્યકત કરે છે.

## પ્રચાર પ્રસાર



**ઓકટોબર માસમાં પંચવર્ષીય લવાજમ રૂા. ૨૫૦/- ભરી સભ્ય થનાર મિત્રની સંખ્યા ૩ રહી હતી. વાચકોને રૂા.૨૫૦ આપી સંસ્થા સામાયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.**

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યના વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃતિઓની ઓકટોબર માસમાં ૧૧૦ પ્રેસનોટ પ્રકાશિત થઇ હતી. તથા ૪ ઇલેકટ્રોનિક મિડીયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઓકટોબર માસમાં સંસ્થાના ફેસબુકના followers ની ૪.૯k સંખ્યા અને followers ઇન્સ્ટાગ્રામના ૫૭૯ રહી હતી.

**-સંચાલકઃ અનિલભાઈ બોરીચા**

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે.**

**• સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયન દાતાશ્રીઓ •**

| | | |
|---|---|---|
| રૂા.૩૦,૦૦૦/- | ડૉ.કે. એમ. આચાર્ય | નેત્રયજ્ઞ સહાય |
| રૂા.૨૫,૦૦૦/- | વસંતરાય કાંતિલાલ શાહ | શૈક્ષણિક સહાય |
| રૂા.૨૪,૫૦૦/- | યશુબેન હરદેવસિંહ ગોહિલ | શિક્ષણ, આરોગ્ય સહાય |
| રૂા.૨૧,૦૦૦/- | મયંક અશ્વિનભાઇ જોશી | બાલમંદિર ભોજન સહાય |
| રૂા.૨૦,૦૦૦/- | હરેશ ચીમનલાલ ડેલીવાળા | નેત્રયજ્ઞ સહાય |
| રૂા.૧૦,૦૦૦/- | દક્ષાબેન હરેશભાઇ ત્રિવેદી | બાલમંદિર ભોજન સહાય |
| રૂા.૮,૦૦૦/- | મીત ભગીરથભાઇ શુકલ | આરોગ્ય સહાય |
| રૂા.૫,૦૦૦/- | સુધાબેન કે. શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| રૂા.૫,૦૦૦/- | ડૉ. કૃતિ વ્યાસ | શૈક્ષણિક સહાય |
| રૂા.૫,૦૦૦/- | ગરિમા નિલેશભાઇ પારેખ | કન્યા કેળવણી |
| રૂા.૪,૦૦૦/- | કિશોર વિજયસિંહ સૌલી | શૈક્ષણિક સહાય |
| રૂા.૩,૦૦૦/- | જ્યોતિબેન વ્યાસ | પોષક આહાર |
| રૂા.૩,૦૦૦/- | નિરવ શાહ | શૈક્ષણિક સહાય |



### બુધસભા :

૧૯૮૦થી અવિરતપણે ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૨૫૫મી બેઠક તારીખ ૦૪/૧૦/૨૦૨૩ ના બુધવારના રોજ સાંજે ૬.૧૫ થી ૭.૧૫ ડૉ. માનસી ત્રિવેદીના સંચાલન હેઠળ યોજાયી. જેમાં જાણીતા કવયિત્રી દર્શનાબેન રાવલે કાશ્મીરના લલ્લેશ્વરીદેવીના કાવ્યનો સુંદર આસ્વાદ કરાવ્યો તથા ગાંધીજયંતી નિમિતે ગાંધીજી પરની કવિતા તથા અન્ય વિષય પર કવિતા તેમજ ગઝલો રજૂ કરવામાં આવી. કુલ ૩૦ કવિ કવિયત્રીઓ હાજર રહ્યા હતા. બુધસભાની બીજી બેઠક અંજના ગોસ્વામીના સંચાલન હેઠળ મળી હતી. અવસર અભિવ્યકિત અંતર્ગત નવરાત્રિને વધાવતી કવિતાઓ કવિઓએ રજુ કરી. બેઠકમાં ૨૫ કવિ મિત્રો હાજર રહ્યા હતા. બુધસભાની ત્રીજી બેઠક શ્રી જીજ્ઞાબેન ત્રિવેદીના સંચાલન હેઠળ મળી હતી. કાવ્ય ''સર્જનની પૂર્વ ક્ષણોમાં'' અંતર્ગત કવિ શ્રી હિમલ પંડ્યા સાથે રસપ્રદ સંવાદ યોજવામાં આવ્યો હતો. શ્રી હિમલભાઇએ કાવ્ય સર્જન કરવાની રીત અનેક ઉદાહરણો આપી નવોદિત કવિઓને પ્રોત્સાહિત કર્યા હતા. બેઠકમાં ૩૫ કવિ મિત્રો હાજર રહ્યા હતા. બુધસભાની ૨૨૫૮મી બેઠક શ્રી લાલજીભાઇ બાંભણીયાના સંચાલન હેઠળ મળી હતી. કવિ વિશેષ ઉપક્રમમાં કવયિત્રી શ્રી પારૂલબેન ઠાકરે ડૉ. પરેશભાઇ કળસરિયાના કાવ્યોનો રસાસ્વાદ કરાવ્યો હતો. ૨૮ કવિમિત્રો હાજર રહ્યા હતા. આ માસ દરમ્યાન ૧૦૮ કવિમિત્રોએ કવિતાઓ રજુ કરી હતી. બુધસભામાં યુવાન ભાઇઓ-બહેનો આવતા થયા છે. તે સૌને ધન્યવાદ.



### અભિનંદન...

લેખક, કવિ અને સાહિત્યકાર ડૉ.રવજી એન. ગાબાણીનાં માત-પિતાની હયાત સ્નેહ સ્મૃતિમાં પ્રતિ બે વર્ષે સાહિત્યકારોને પોખવામાં આવે છે. ''અંજુ-નરશી પારિતોષિક'' એવોર્ડ્સ શ્રેણીમાં ગઝલ ક્ષેત્રે ''યાદ કર'' ગઝલ સંગ્રહ માટે નવોદિત સાહિત્ય સન્માન-૨૦૨૩'' બુધસભા સંચાલન કમિટીના સભ્ય કવયિત્રી અંજના ગોસ્વામીને કુંડળ ધામ સ્થળે યોજાયેલ સાહિત્યિક સમારોહમાં એનાયત કરવામાં આવ્યો. અભિનંદન...

## સાભાર સ્વિકાર

**ફીઝીયો થેરાપી સેન્ટરમાં ઉત્તમ સારવાર લઇ પુનઃ સ્વસ્થ થનાર શ્રી કાસમભાઇના પુત્ર શ્રી સફીભાઇ હમીદાણી દ્વારા રૂા.૨૫,૦૦૦/-ની સહાય મળી છે. દર્દી તરીકે સેવાઋણ અદા કરનાર શ્રી સફીભાઇનો સંસ્થા આભાર માને છે.**

## શુભેચ્છકો લખે છે

● **ડૉ. શિવાની મિશ્રા : અધ્યક્ષ : સમાજ કાર્ય વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર**

**મહિલા ઉત્કર્ષમાં શિશુવિહારની ભૂમિકા**

૧૯૩૯માં સ્થપાયેલ શિશુવિહાર સંસ્થા દ્વારા બાળવિકાસ, કૌશલ્યવિકાસ, મહિલા સશક્તિકરણ અને રોજગારની દિશામાં નિરંતર કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમો પૈકી 'જ્યોતીમંડળ' દ્વારા મહિલાઓને રોજગારી આપવા સાથે સક્ષમ બનાવવા માટે પ્રારંભિક સિવણની તાલીમ વર્ષ ૧૯૪૦ થી શરૂ કરવામાં આવે આ તાલીમ આજ પર્યંત શરૂ છે. સંસ્થા દ્વારા સંચાલિત શિવણવર્ગને બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ સાથે જોડીને વધારે મૂલ્યાવાન બનાવવામાં આવેલ છે. ૧૯૪૦ માં 'જ્યોતીમંડળ' દ્વારા શરૂ કરાયેલ તાલીમ દ્વારા આજ સુધીમાં ૬૧૧૬ જરૂરિયાતમંદ બહેનો લાભાન્વિત થઇ છે. હાલમાં સ્વ. લીલીબેન દવે સિવણ વર્ગનાં સ્વરૂપે કાર્યરત આ વર્ગમાં તાલીમ લીધેલ બહેનોની વિગત જાઇએ.

૧૯૪૦ થી ૧૯૪૯ દરમ્યાન ૫૯૩ બહેનો, ૧૯૫૦ થી ૧૯૫૯માં ૬૨૫ બહેનો, ૧૯૬૦ થી ૧૯૬૯માં ૬૫૨ બહેનો, ૧૯૭૦ થી ૧૯૭૯માં ૬૮૭ બહેનો, ૧૯૮૦ થી ૧૯૮૯ માં ૭૦૨ બહેનો, ૯૯૦ થી ૧૯૯૯ માં ૭૧૮ બહેનો, ૨૦૦૦ થી ૨૦૦૯ સુધીમાં ૭૩૧ બહેનો અને ૨૦૧૦ થી ૨૦૧૯ દરમ્યાન ૧૫૦ બહેનો, ૨૦૨૦ થી ૨૦૨૩ દરમ્યાન ૭૦૦ બહેનોએ લાભ લીધો છે. આ રીતે જોઇએ તો ૨૦૨૩ સુધીમાં કુલ ૪૮૦૦ બહેનો સુધી પહોંચવાનું લક્ષ્ય હતું જેમાંથી દર દસ વર્ષે ૯૦% સુધી લાભાર્થી સુધી પહોંચીને કુલ ૬૧૧૬ બહેનો સુધી પહોંચી શકયા છે. રોજગારીનાં ક્ષેત્રમાં સૌથી વધારે મહિલાઓ ૨૧ થી ૩૦ વર્ષની ઉંમર દરમ્યાન જોડાય છે અહીં સૌથી વધુ લાભાર્થી ૨૬ થી ૩૦ વર્ષની ઉંમરનાં ૧૫૩૫ (૩૦%) જોવા મળે છે. જ્યારે ૨૧ થી ૨૫ ની ઉંમરનાં ૧૪૩૨ (૨૫%) જોવા મળે છે. આ ઉપરાંત ૩૬ વર્ષથી ઉપરની ઉંમરનાં પણ ૫૬૩ (૧૧%) મહિલાઓ લાભાર્થી જોવા મળે છે. સંસ્થા દ્વારા સર્વે જ્ઞાતિ અને જાતીની મહિલાઓને પગભર બનાવવા માટે પ્રયાસો કરવામાં આવે છે. કોઇ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી. પરિણામે કુલ લાભાર્થી (પૈકી) ૨૪૫૬ (૪૮%) બહેનો હિન્દુ સમુદાયની, ૨૧૪૯ (૪૨%) મહિલાઓ મુસ્લિમ સમુદાયની અને ૫૧૧ (૧૧%) મહિલાઓ ખ્રિસ્તી અને અન્ય સમુદાયના લાભાર્થી જોવા મળે છે. જ્ઞાતિની કેટેગરી મુજબ જોઇએ તો ૨૪૫૫ (૪૮%) સામાન્ય કેટેગરી, ૭૪૮૪ (૨૯%) અનુસુચિત જાતી કેટેગરી, ૧૫૨૬ (૨૨%) સામાજિક અને શૈક્ષણિક અને પછાત વર્ગની મહિલાઓ અને ૫૧ (૧%) અનુસુચિત જનજાતીની મહિલાઓનો સમાવેશ લાભાર્થી મહિલાઓમાં થાય છે.

તાલીમ લીધાં પછી મહત્વનું છે તેમની રોજગારી, આજે મહિલાઓ સિવણવર્ગમાં તાલીમ લઇ લે પછી સંસ્થા દ્વારા પણ તેઓને રોજગારી પૂરી પાડવામાં આવે છે જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૫૦૦૦ થેલીઓ બનાવીને વેચવામાં આવી અને તેમાથી રૂા.૩,૦૦,૦૦૦ મજુરી પેટે ૬૫ મહિલાઓને ચુકવવામાં આવ્યા. અહીં ૨૩૫૩ (૪૬%) મહિલાઓ ૫૦૧ થી ૮૦૦ રૂા. સુધી દર મહિને રોજગારી સામાન્ય સંજોગોમાં પ્રાપ્ત કરી લે છે. જ્યારે ૬૧૪ (૧૨%) મહિલાઓને ૧૦૦૦ રૂા. આમાથી વધારે રોજગારી પ્રાપ્ત કરે છે. આમ, સંસ્થા દ્વારા મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવીને ઘરમાં, વિસ્તારમાં, સમાજમાં, નિર્ણયની પ્રક્રિયામાં સહભાગી બનાવવાની દિશામાં નાનકડો પ્રયાસ ઘણાં મોટા પરિવર્તનનો અસરકારક બની રહ્યો છે.

**(પોતાના સંશોધન અહેવાલ આધારે)**

● **નર્ગીઝ વસાયા (દરદી ફીટનેસ સેન્ટર)**

મારૂ બેરીએટીક ઓપરેશન કરાવવાથી મારામાંથી ચરબીને બદલે મસલ્સ અને પ્રોટીન ખતમ થઇ ગયું હતું. શિશુવિહાર સંચાલિત ફિટનેસ સેન્ટર માં આવવાથી મસલ્સ કામ કરતા થયા છે. ઉપરાંત ગાયનેક પ્રોબ્લેમ હતો તે સોલ થઇ ગયો. ગજબની મારામાં સ્ફૂર્તિ આવી અને શકિતનો સંચાર થયો. અહીં ફિઝીયોના ડૉકટર ભાવનાબેન એરોબીકસ રોગો પ્રમાણો યોગાસનો મેડીટેશન જુમ્બા બધું કરાવે છે. જીમ પણ કરીએ છીએ. તેનાથી અમને શરીરમાં અદ્દ્ભુત ફાયદો થયો છે.

● **વૈશાલીબેન વાઘેલા (આંગણવાડી કાર્યકર ભાવનગર)**

શિશુવિહાર સંસ્થામાં શૈક્ષણિક તાલીમ અંતર્ગત બાળકો સાથે આવવાનું બન્યું. તાલિમ કેન્દ્ર ઉપર બાળકો માટેની લેવા-મુકવાની બસ વ્યવસ્થા છે તે ખૂબ જ વ્યવસ્થિત અને સારી છે.ટાઇમે અમોને લેવા આવેલ. અમે સંસ્થાના પટાંગણમાં પ્રવેશ કર્યો તરત જ અમારા બાળકોનું સ્વાગત અહિના બહેનો દ્વારા કરવામાં આવેલ અને નાસ્તો પણ પૌષ્ટિક આપેલ ત્યાર બાદ રમત અને પ્રવૃત્તિઓ તથા અભિનયગીત કરાવવામાં આવેલ. સંસ્થાની વ્યવસ્થા સ્ટાફગણનું વર્તન-વ્યવહાર સરાહનીય છે. જે અમોને પીઠબળ પુરૂ પાડનાર છે. આજનો દિવસ અમને તથા અમારા આંગણવાડીના બાળકો માટે યાદગાર રહેશે. અહિં બાળકો મોકળાશથી રમી શકયા તથા પોતાની પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રવૃત્તિ પણ રસ પૂર્વક કરી શકયા.આભાર.

● **આરતીબેન મકવાણા (આંગણવાડી કાર્યકર-ઘટક-૧)**

આજ રોજ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ આં.વાડી કે નં ૧૬/૧ અને ૩/૧ ના બાળકોને શિશુવિહાર દ્વારા તાલિમનું આયોજન કરવામાં આવેલ જેમાં સૌ પ્રથમ તો બાળકોને વ્યવસ્થિત રીતે A.C બસમાં સ્થળ પર પહોંચાડવાની ખૂબજ સરસ વ્યવસ્થા કરવામાં આવેલ જ્યાં પહોંચીને બાળકોને થેલી આપી બાળકોનું સ્વાગત કરવામાં આવેલ ત્યાર બાદ બાળકો માટે હિંચકા, નાસ્તો, અભિનય ગીત પ્રાર્થના, જોડકણાં તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ બાળકોને શિશુવિહાર જેવી સંસ્થાનો પરિચય મળેલ છે. અમને બીજી સંસ્થાઓમાં પણ તાલિમ માટે જવાનું હોય છે પણ શિશુવિહાર નું વાતાવરણ અમારા માટે પ્રેરણાદાયક બને છે.

● **ભાવનાબેન પંડયા (પ્રુફરીડર-ભાવનગર)**

શિશુવિહાર પરિવાર માટેનાં સ્નેહમિલનનાં નિમંત્રણ માટે આભાર.શિશુવિહાર માટે મેં યથાશકિત જ કર્યું છે પણ શિશુવિહારે મને ગજા બહારનું આપ્યું છે,અમાપ આપ્યું છે.પ્રુફ રીડર તરીકેની મારી ઓળખને મજબૂતી આપી છે. સંસ્થાએ મને ઘડી છે.હંમેશા ઋણી રહીશ.

(શ્રી ભાવનાબેન પંડયા 'શિશુવિહાર' પ્રકાશનને ભાષાની રીતે તપાસી આપનાર સેવાભાવી કાર્યકર તથા એક સારાં ગાયક છે અને સેવા પ્રવૃત્તિમાં હંમેશા પોતાને અગ્રસ્થાને રાખે છે. સંસ્થા શ્રી ભાવનાબેન જયેશભાઇ પંડયાની સેવા માટે આભારી છે : તંત્રી)

● **શ્રી દીપકભાઇ ભટ્ટ (ભાવનગર)**

બાળકો માટેનાં ગરબા મહોત્સવ પછી વાલીઓ માટે આરતી સ્પર્ધાનું આયોજન કરી સમગ્ર કુટુંબમાં નવરાત્રી મહોત્સવનું મહત્ત્વ જળવાઇ રહે અને નવી પેઢી સુધી પરંપરા જળવાઇ રહે તે માટેના સ્તુત્ય પ્રયાસ બદલ અભિનંદન.

● **આચાર્ય : સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા (વાળુકડ)**

બાલમંદિરની પ્રાર્થના માં ભાગ લઇને, તથા બાલગીતો તથા અભિનય જોયા, અમારી સંસ્થા દ્વારા આવેલ બાળકો દ્વારા પણ અભિનય કરી નાના-નાના બાળકોનો ઉત્સાહ વધ્યો છે. અમારી સંસ્થા ના વિદ્યાર્થીઓને તથા સ્ટાફને બાલમંદિર તથા શિશુવિહારની મુલાકાતનો આનંદ થયો છે અમે ખુબ નસીબદાર છીએ કે અમને આવી સરસ સંસ્થાની મુલાકાતનો મોકો મળેલ છે.

● **અંજુમબહેન કુરેશી (દરદી ફીટનેસ સેન્ટર)**

શેઠ પરીવારનાં સહકારથી ચાલતા ફીટનેસ સેન્ટરમાં શિશુવિહારનાં જીમ ટ્રેનર ભાવનાબેન ઓઝાનો હું વ્યકિતગત રીતે આભાર માનું છું કે જેઓએ મને માર્ગદર્શન અને સારવાર સાથે યોગ માટે પ્રેરી. હું આ પ્રતિભાવથી અન્ય વાંચકોને પણ કહીશ કે દવા કરતા જીમ અને યોગ અનેક રીતે વધારે લાભકારી છે.

● **પ્રા.ડૉ. સતિષભાઇ પાઠક (ભાવનગર)**

સમાજ ઉપયોગી અને સમાજ ઉત્થાન માટેની આવશ્યક સેવા માટે શિશુવિહાર તમારી ટીમ અને તમને અભિનંદન અને શુભેચ્છાઓ...

● **વૈભવ મકવાણા (સ્કાઉટ તાલિમાર્થી)**

સ્કાઉટમાં આવ્યા પછી મોટાનો આદર કરી સારી બોલી વાપરવી, શિસ્તમાં રહેવું, બીજાને મદદ કરવી વગેરે સારી બાબતો શીખ્યો છું. શિશુવિહારમાં કેમ્પ યોજાય ત્યારે તેમા ભાગ લેતા જાતે ભોજન બનાવતા, અને કેમ્પમાં રાત્રી રમત રમતા મારી અંદરનો ડર દૂર થયો. સ્કાઉટમાં આવ્યો ત્યારબાદ મેં રાજ્યપુરસ્કારની પરીક્ષા પાસ કરી તેમાં પણ મને ઘણું બધુ શીખવા મળ્યું. પ્રાથમિક સારવાર, સ્ટ્રેચર, પાટા, ઇમરજન્સી મેથડ શીખ્યો છું. સ્કાઉટમાં આવ્યા પછી નવી રમતો શીખ્યો તેનાથી મારા શરીરનું ફીટનેશ લેવલ જળવાઇ રહે છે.



## શ્રદ્ધાંજલી



● **સ્વ.ઉષાબહેન દવે**

શિશુવિહાર સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી. આજીવન સભ્ય તથા શિશુવિહારની સિવણ પ્રવૃત્તિના આદ્ય સ્થાપક સ્વ.લીલાબેન દવેના સુપુત્રી ઉષાબેન દવેનો સ્વર્ગવાસ થયો છે. એક શિક્ષક તરીકેનો બાળકોના જીવનમાં સદૈવ નવું તેજ ભરનાર સ્વ.ઉષાબેનના આત્માને ચીર શાંતિ મળે તેવી ઈશ્વરને પ્રાર્થના...

● **સ્વ.પરાગભાઇ દેસાઇ**



વાઘબકરી ચા ઉદ્યોગથી ગુજરાતની સમગ્ર વિશ્વમાં ઓળખ વિસ્તારનાર, ઉદ્યોગના કર્ણધાર તરીકે યોગ્ય વ્યુહ રચનાઓ થકી ગુજરાતના ઉદ્યોગો માટે પ્રેરણાદાયી શ્રી પરાગભાઇ દેસાઇની અણધારી વિદાયથી ગુજરાતનું સેવા જગત અટવાયુ છે. વાઘ બકરી ટી ફાઉન્ડેશનના સહયોગથી ભાવનગરની ૯૧ શાળાઓના ૧૧૬૦૦ વિદ્યાર્થી ભાઇ-બહેનોનાં સ્વાસ્થ્ય અને કૌશલ્ય વિકાસની સતત બે વર્ષથી કાળજી લેતા વાઘ બકરી ચા પરિવારથી એક અસાધારણ વ્યક્તિત્વ, સદ્ગત શ્રી પરાગભાઇ નાં આત્માની ચિર શાંતિ માટે સંસ્થા પરિવાર પ્રાર્થના કરે છે.



## સ્વરાજયની શાળા શિશુવિહાર

**વર્ષ-૧૯૯૫ પ્રકાશિત**

**શિશુવિહાર સામયિકોનો સાર**

**(એક દસ્તાવેજ)**




● **જાન્યુઆરીઃ** શ્રી માનભાઇ ભટ્ટ : ચંગમેન ગાંધીયન ગોંધીયા એવોર્ડથી સન્માન કાર્યક્રમના અધ્યક્ષ જસ્ટીસ ચંદ્રશેખર ધર્માધિકારી, અતિથી વિશેષ માનનીય બાબુભાઇ જસભાઇ પટેલ, મા.મંત્રીશ્રી નર્મદા વિભાગ, ટ્રોફી તથા રૂા.૫૧,૦૦૦/-

● શિશુવિહારના અભિવાદન પ્રસંગે શુભેચ્છકોના પ્રતિસાદ. નંદીગ્રામથી શ્રીમથી કુન્દનીકા કાપડિયા લખે છે : મુ. માનભાઇ ખુશી ખુશી અને આનંદ આનંદ. અમે તમારાં છીએ એટલે આ સન્માન અમને અમારુ લાગે છે. તમારા શુભ ઉજ્જવલ કાર્યોના અમ સહુ પ્રશંસકો તરફથી સંસ્થાને ઘણા બધા અભિનંદન. આમ તો કોઇપણ એવોર્ડ કરતાં થોડાં નાના બાળકોના હાસ્ય, એકાદ ગરીબ માણસના હૃદયમાં જગાડેલી 'હાશ', કોઇ દુઃખી બાઇના લૂછેલાં આંસુ, ડૂકી પડેલાના મનમાં ફરી રોપેલી શ્રદ્ધા.- આ બધું ઘણું ઘણું વધારે મૂલ્યવાન છે. પણ તમે એ બધું કર્યું છે, એને પરિણામે સમાજનો મળેલો

આદર પણ આદરણીય જ છે. ફરી આનંદ અને અભિનંદન. ● સણોસરા, લોકભારતીના શ્રી મનુભાઇ પંચોળી (દર્શક) લખે છે : અશોક ગોંધિયા એવોર્ડથી તમને સન્માનવાના સમાચાર વાંચી આનંદ થયો. જો કે તમારી સેવા એવોર્ડથી ઘણી મોટી છે.

● પ્રાધ્યાપક શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી લખે છે : પ્રણામ. અશોક ગોંધિયા પારિતોષિક આજે ધન્ય બન્યું છે, કારણ સાચા સેવકને તે અર્પણ થાય છે. ગાંધીનગરથી શ્રી દિલીપ રાણપુરા લખે છે : શ્રી, નિસ્પૃહી મનુષ્ય સુધી ગોંધિયા એવોર્ડ આવે છે ત્યારે હૈયું હરખથી છલકાઇ જાય છે. મારી પ્રસન્નતાનો પાર નથી. ● અમદાવાદથી શ્રી માનભાઇના જૂના મિત્ર અને ફેરી બંદરના સાથી કાર્યકર શ્રી નવલચંદ્ર ગાંધી લખે છે : અશોક ગોંધિયા એવોર્ડ શિશુવિહાર સંસ્થાને મળે, વ્યક્તિને નહીં, તેવો આગ્રહ રાખતા તમારી ઉપસ્થિતિમાં શિશુવિહારને નામે એવોર્ડ અપાશે તે તમારુ પગલું ઉચ્ચતમ છે. કારણ કે ફળની આશા વિના કર્મ કરો છો તેમાં એવોર્ડ અંતરાયરૂપ થાય. પરંતુ સિક્કાની બંને બાજુ હોય છે એ કેમ ભૂલાય?

● રાજકોટથી ધીરૂભાઇ ડોબરિયા લખે છે : શિશુવિહાર સંસ્થાને યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન અશોક ગોંધિયા એવોર્ડથી સન્માનવામાં આવે છે તે જાણ્યું : જો કે આવા કેટલાય એવોર્ડ આપના કાર્યની સામે વામણા દેખાય એવી મારી માન્યતા છે. આપને અભિનંદન કે ધન્યવાદ આપવામાં ઘણો નાનો પડું. ચરણોમાં પ્રણામ.

● વડોદરાથી શ્રી પુરૂષોત્તમ નારણદાસ ગાંધી લખે છે : તમને તો મેં એક કર્મઠ કર્મયોગી તરીકે નિહાળ્યા છે. તમારી જીવન-સાધના સમાજનું ગૌરવ છે. ભગવાન વધુ ને વધુ બળ આપતો રહેશે એવી શ્રદ્ધા છે. ● મુંબઇથી શ્રી રતુભાઇ દેસાઇ લખે છે : પ્રણામ. આનંદજનક સમાચાર મળ્યા અશોક ગોંધિયા એવોર્ડ કાજે તમારી વરણી થઇ છે. સાત દાયકાથી તમે શિશુવિહારને કેન્દ્રમાં રાખીને શૈક્ષણિક, સાંસ્કૃતિક, વૈદકીય, માનવ રાહતની અને સેવાની તથા સમાજ જીવનને સત્વશીલ બનાવવાની અનેકવિધ પ્રવૃત્તિઓ નિષ્કામ ભાવે કરતા આવ્યા છો. નગરમાં અને દરેક જિલ્લામાં શિશુવિહાર જેવી સંસ્થા હોય તો દેશ ધન્ય થઇ જાય. પદ, પ્રતિષ્ઠા કે ધનની લાલસા વિના જે યજ્ઞ ચાલુ રાખ્યો છે તે માટે લાંબુ આરોગ્યમય જીવન જીવો એવી પ્રાર્થના સાથે અભિનંદન.

**યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન, રાજકોટ અશોક ગોંધિયા એવોર્ડ ૧૯૯૪ ગૌરવલેખ**



**વિશિષ્ટ સેવા સન્માન એવોર્ડ 'શિશુવિહાર'**



૧૯૯૪ના અશોક ગોંધિયા વિશિષ્ટ સેવા સન્માન એવોર્ડ માટે ભાવનગરની શિશુવિહાર સંસ્થાની પૂર્ણ યોગ્યતા નિહાળતા યંગ મેન્સ ગાંધીઅન એસોસીએશન સાનંદ ગરિમા અનુભવે છે. શિશુવિહારના સ્થાપકનું પુરૂ નામ તો છે માનશંકર નરભેશંકર ભટ્ટ જેમને ''માનભાઈ'' ના ટૂંકા અને વ્હાલસોયા નામથી ભાવનગર અને સમગ્ર ગુજરાત ઓળખે છે. ઈ.સ.૧૯૦૮માં જન્મ. નાનપણથી જ ''અપના હાથ જગન્નાથ''એ કહેવત પ્રમાણે શ્રમદેવતા ચરણે એમણે જીવન સમર્પિત કરી દીધું ! ભાવનગરમાં જૂના બંદરની વર્કશોપમાં સામાન્ય હેલ્પરની મજૂરી કરતા કરતા ફોરમેન બન્યા. પોતાને તેઓ ''લોઢાકૂટ માણસ''તરીકે ઓળખાવતા આનંદ અનુભવે છે ! ''જે વ્યક્તિ સાધારણ કામ ખંતથી કરે છે તે અસાધારણ બની જાય છે.''-એ સત્ય માનભાઈના જીવનમાં સાર્થક બની ગયું છે. લોઢાકૂટ માણસના ઉત્સાહ અને લગન ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહની લક્ષમાં આવી ગયા. એ માણસ પારખુ રાજવીએ માનભાઈને જમીન આપી. આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં, આજના શિશુવિહારની પ્રવૃત્તિના શ્રી ગણેશ થયા. બાલ ક્રિડાંગણ શરૂ કર્યુ. વર્કશોપનો અનુભવ હતો તેથી બાળકો માટે જુદી જુદી ઢબના રમત-ગમતનાં સાધનો બનાવ્યાં. કાર્યદક્ષતા, ટેકનીકલ સૂઝ અને કૌશલ્ય વર્કશોપ પણ શરૂ થયું. અને ક્રિડાંગણ ખરેખર શિશુઓને વિહરવા જેવું બન્યું. આજે એ ''શિશુવિહાર'' વિશાળ વડવૃક્ષ બની રહ્યું છે. ભાગવતમાં કહ્યું છે : ''નમઃ શિશુભ્યઃ''બાળકોને વંદન કરીએ એ સૂત્ર અપનાવ્યું. ''શિશુવિહાર''ના ક્રિડાંગણમાં પોતે બાળકોના વધેલા નખ સ્નેહથી કાપી આપે છે, તેમને મલમપટ્ટી કરે, શરીર સાફ રાખવાનો જીવંત દાખલો પૂરો પાડે. બાલમંદિર, સીવણ, સંગીત, ચિત્ર, સ્કાઉટ વગેરેનાં વર્ગો નિયમિત ચાલે છે. જ્યોતિ મંડળની બહેનો દ્વારા સમાજલક્ષી તેમજ માનવધર્મલક્ષી પ્રવૃત્તિઓ ચાલે છે. ગૃહ ઉદ્યોગની તાલીમ અપાય છે. ઉપરાંત શિશુવિહારમાં ગ્રંથાલય, વાંચનાલય છે. સ્કાઉટ-ગાઈડનું કેન્દ્ર સક્રીય છે. માનભાઈ જીવનના નવમાં દાયકામાં સાઈકલ સવારી કરી આજે પણ પત્રિકાઓ જાતે વહેંચવા જાય છે. શિશુવિહારે હાથ ધરેલી દેહદાન અને ચક્ષુદાનની પ્રવૃત્તિ જોઈ આપણું મસ્તક નમી જાય છે. આજ સુધીમાં ૨૦૦ જેટલાં મરણોત્તર દેહદાનનો પ્રબંધ શિશુવિહારે કર્યો છે. ઈશ્વરની અદ્દ્ભુત કરામત જેવા માનવદેહનો દહન કે દફન દ્વારા નાશ શા માટે કરવો? મૃતદેહો મેડીકલ કોલેજને સોંપીને એનો ઉપયોગ થવા દેવો જોઈએ. આ વૈજ્ઞાનિક સમજ છે અને તે અનુસરણીય છે. ''શિશુવિહાર'' સમાચાર પત્રિકા પણ પ્રસિદ્ધ થાય છે. જેનું શ્રી પ્રેમશંકરભાઈ સરસ સંપાદન કરે છે. ''માન-સન્માન સંસ્થાના હોય વ્યક્તિના નહિ'' એવી દ્રઢ માન્યતા ધરાવતા માનભાઈએ આ સન્માન પણ એ રીતે શિશુવિહાર માટે જ સ્વીકાર્યુ છે. વ્યક્તિ પૂજાથી અલગ રહેનારા, કઠિન લોઢાના સંપર્કમાં રહીને પણ કોમળ શિશુઓની માવજત કરનાર માનભાઈની સંસ્થા શિશુવિહારને ૧૯૯૪નો અશોક ગોંધિયા વિશિષ્ટ સેવા સન્માન એવૉર્ડ અર્પણ કરીને વાય.એમ.જી.એ. કૃતકૃત્યતા અનુભવે છે.

| | | |
|---|---|---|
| **તા.૮-૧-૯૫** | **બાબુભાઈ જ. પટેલ** | **રતિભાઈ ગોંધિયા** |
| **રવિવાર** | **અધ્યક્ષ** | **પ્રમુખ** |
| | **એવૉર્ડ પસંદગી સમિતિ ૧૯૯૪** | **વાય.એમ.જી.એ. રાજકોટ** |

## રેડક્રોસની ભાવનગર શાખાને શિશુવિહારે સોંપેલ ચક્ષુદાન અને દેહદાનની પ્રવૃત્તિઓ

શિશુવિહાર ઘણી બધી દીકરીઓવાળું ઘર છે. શિશુવિહારની દીકરીઓ એટલે સંસ્થામાં જન્મેલી નિષ્કામ જનસેવાની ૩ પ્રવૃતિઓ. માવતરનો અનુભવ છે કે ઘરમાં લાડકોડથી ઉજેરેલી દીકરીઓને પારકે ઘેર વળાવવી પડે છે. દીકરીને વળાવતી વખતે મા-બાપ સુખી થવાના અંતરના આશીર્વાદ આપી ધન્યતા અનુભવે છે. શિશુવિહારને આંગણે સેવા, શિસ્ત, સ્વાવલંબન અને પરોપકારના વાતાવરણમાં ઉછરેલી 'રકતદાન' અને 'વૃદ્ધાશ્રમ' નામની બે પ્રવૃત્તિ રૂપે દીકરીઓને સંસ્થાએ અગાઉ કન્યાદાન આપીને વળાવી છે. ભાવનગરમાં ચાલી રહેલી રકતદાનની અને વૃદ્ધાશ્રમની પ્રવૃત્તિઓ શિશુવિહારમાં જન્મથી મોટી થયેલી દીકરીઓ છે તે હકીકત સૌ સારી રીતે જાણે છે. શિશુવિહાર ની લાડકી દીકરીઓ જેવી બીજી બે પ્રવૃતિઓ 'ચક્ષુદાન' અને 'દેહદાન' તા.૧-૧-૯૫થી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ભાવનગર શાખાને વિધિવત્ સોંપેલ છે. શિશુવિહારે ચક્ષુદાનની પ્રવૃત્તિ ૧૯૬૮માં શરૂ કરેલી. તા.૩૧-૧૨-૯૪ સુધીમાં ૧૭૨૭ જોડ ચક્ષુદાનો મળ્યા છે. દેહદાનની પ્રવૃત્તિ ૧૯૭૯માં શરૂ થઇ. તેમાં ૩૧-૧૨-૯૪ સુધીમાં ૨૫૪ દેહદાન મળ્યાં છે. ભાવનગર જેવડા શહેરમાં આ સિદ્ધિ ગુજરાતમાં અવશ્ય, અને કદાચ ભારતભરમાં અવલ નંબરની ગણાય. પરંતું સેવાનાં કામો નંબર મેળવવા માટે નથી થતા એટલે તેની પંચાતમાં પડવું નકામું છે.

શિશુવિહારને એ વાતનો આનંદ છે કે આ પ્રવૃતિઓ વિશ્વભરમાં લોકસેવા માટે વખણાતી રેડક્રોસ સોસાયટીમાં, સારે ઠેકાણે સોંપવામાં આવી છે. અહીં રહીને આ બંને પ્રવૃતિઓ ફાલશે-ફૂલશે. આજ સુધી પ્રવૃત્તિઓને વિકસાવવામાં જનતાએ અને ઉદારદિલ દાતાઓએ સ્વૈચ્છિક સહકાર આપેલો છે, તે સૌનો આવો જ અને આ કરતાં પણ વિશેષ સહકાર રેડક્રોસને મળતો રહે તેવી જનતાજનાર્દનને પ્રાર્થના છે. આ પ્રસંગે શ્રી માનભાઇએ કહ્યું : કન્યાના પિતાને કન્યાદાન જે લાગણી થાય તે અત્યારે મને થાય છે. શિશુવિહાર સંસ્થાના શુભેચ્છક અને રેડક્રોસની ભાવનગર શાખાના પ્રમુખ શ્રી પ્રતાપભાઇ શાહે કહ્યું : દીકરીને સાસરે વળાવ્યા પછી કંઇ તકલીફ પડે તો પિતા તુલ્ય અને ભાઇની સલાહ અને આશીર્વાદ મેળવી આ પ્રવૃત્તિ સારી રીતે ચલાવી શકશું. સંત ડૉ. પૂજ્ય રમણીકભાઇ દોશીએ કહ્યું આગામી ૩૦ વર્ષ પહેલા ચક્ષુદાન મેળવવા ૧૫ માઇલ સુધી જવુ પડતું. તેમ છતાં ઘણીવાર ખાલી હાથે પાછા ફરવું પડતું. આજે પરિસ્થિતિ તદ્દન જુદી છે. લોકો સામે ચાલીને આપવા તૈયારી બતાવે છે. ડૉ.અધ્વર્યુજીએ કહ્યુ કે ભારત દેશમાં અંધાપાના ઉપક્રમ વિશે બોલતા કહ્યું : આપણા દેશમાં દર વરસે ૩૦,૦૦૦ બાળકો દ્રષ્ટિ અભાવે આંધળાં થાય છે. ગુજરાતમાં દર વરસે, બાળકો પોષણના અભાવે આંધળાં થાય છે. કોઇપણ શાળામાં જઇ ને પૂછશો તો જાણવા મળશે કે અંધશાળાના ૮૦ થી ૮૫ ટકા અંધજનો ૬ વર્ષની નાની ઉંમરમાં જ અંધાપાનો શિકાર બનેલા હોય છે. બાળપણમાં આને જો રોજ સુખડીનું એક બટકું મળ્યું હોત તો અંધાપો ન આવત.

**કવિશ્રી કિસ્મત કુરેશીને શ્રદ્ધાંજલી :** સાહિત્ય ક્ષેત્રે ભાવનગરનું ગૌરવ વધારનાર ગુજરાતના ગઝલ-ગુરૂ કવિ કિસ્મતભાઇ કુરેશીનું ૭૪ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી દેહાવસાન થયું છે. તેઓ શિશુવિહારના સદ્ભાવી સક્રિય શુભેચ્છક હતા. પંદરેક વરસથી શિશુવિહારમાં સાહિત્યપ્રેમીઓ તથા કવિજનોની દર બુધવારે મળતી બુધસભાના તેઓ પ્રેરણાદાયી મુરબ્બી સભ્ય હતા. તેઓના મોટા ભાગના કાવ્યસંગ્રહોનું વિમોચન બુધસભાના ઉપક્રમે થયું છે. તેઓની 'નાચનિચ' અને 'નકીબ' સચિત્ર વાર્તાનું પ્રકાશન શિશુવિહારે કર્યુ હતું. તેઓની વિદાયથી ગુજરાતને, શિશુવિહારને એક મિલનસાર, માયાળું, નમ્ર અને પ્રતિભાશાળીની મોટી ખોટ પડી છે. કિસ્મતભાઇ શિશુવિહારની નિષ્કામ જનસેવાની પ્રવૃત્તિઓના હતા. તેઓના કવિ હૃદયમાંથી પ્રગટેલ ''શિશુવિહાર'' ગીત સંસ્થામાં કાયમ ગવાતું રહેશે અને તેઓની પુણ્યસ્મૃતિ સાથે સંકળાયેલું રહેશે.

## • ફેબ્રુઆરીઃ (તા.૨૦-૦૨-૯૫)

ભાવનગર નગરપાલિકાના માજી મેયર યુવાન કાર્યકર્તા શ્રી જયંતભાઇ વનાણી (બુધાભાઇ) પરિવારના તથા સ્નેહીજનોના સક્રિય સહકાર તથા આર્થિક સહાયથી સંપન્ન થયેલ ૩૮મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ પૂજ્ય સ્વામી તદ્દરૂપાનંદજી મહારાજના વરદ હસ્તે થયેલું ઉદ્ઘાટન. વીરનગરના શિવાનંદ મીશન તથા ચિદાનંદ આઇ હોસ્પિટલના સ્થાપક પૂજ્ય સ્વામી યાજ્ઞવલ્કયાનંદજી મહારાજના આશીર્વાદ. અતિથિવિશેષ શ્રી પ્રતાપભાઇ શાહ ૧૭૦૦ દરદી ભાઇઓ તથા બહેનોની તપાસ, જરૂરી દવા તથા દાકતરી સલાહ. તેમાના ૨૨૪ મોતિયાના દરદીઓને નેત્રયજ્ઞમાં ઓપરેશન માટે દાખલ કરવામાં આવ્યાં. બીજા ૨૪ દરદીઓને નેત્રમણિ મુકાવવા વીરનગર ચિદાનંદ આઇ હોસ્પિટલમાં મોકલ્યા.

• **શિશુવિહાર સંસ્થાનું સન્માન :** આશાપુરા ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી નવનીતભાઇ રતનજી શાહના આર્થિક સહયોગથી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળે મહિલા કોલેજના સભાગૃહમાં શિશુવિહાર સંસ્થાનું આ પ્રસંગે જેનું સન્માન થયું તેનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ : શિશુવિહાર એટલે માનભાઇ, માનભાઇ એટલે શિશુવિહાર વ્યકિત અને સંસ્થાનો આવો મેળ દુર્લભ હોય છે. પાંચ દાયકાઓ અગાઉ લોઢાકૂટ મજૂરી કરનાર માનભાઇએ ખાડા-ટેકરા અને ખરાબાની જગ્યા સરખી કરીને લોખંડનો એક હિંચકો વાવ્યો અને જોતજોતામાં હિંચકાનું વન ઝૂમી ઊઠયું. હિંચકાને દોસ્તી લપસિયા સાથે, લપસિયાને ગોઠડી ઊભી સીડી અને સમતોલન સાથે. આજે દાયકાઓથી ભાવનગરનું બાળપણ શિશુવિહારમાં લપસે છે, ભાવનગરના કિશોરો શિશુવિહારમાં હિંચકે છે, ભાવનગરનું પ્રૌઢત્વ શિશુવિહારમાં વાંચે છે, દિવ્યજીવનના પાઠ ભણે છે ! યોગની સાધના કરે છે ! માનભાઇ આમ તો સામાન્ય ગોદી કામદાર પણ ગાંધી નામની આંધીએ કોણ જાણે કેટલાય સામાન્યોને અસામાનય બનાવ્યા હશે ! સ્વરાજયની લડાઇમાં ભાગ લેવા ઉપરાંત સૌ કોઇ રચનાત્મક પ્રવૃત્તિ ચલાવવી એવો બાપુનો આદેશ. માનભાઇએ એમના મજૂર મિત્રોની મદદથી આ કાર્ય 'શિશુવિહાર'માં શરૂ કર્યુ. વ્યાયામના અપ્રતિમ સાધનો બનાવ્યા. સૌ કોઇ આવા સાધનો બનાવી શકે એ માટે 'ચલો ક્રીડાંગણ' નામની સચિત્ર ચોપડી હિન્દીમાં છપાવી. શિશુવિહાર એટલે માનવકલ્યાણની પ્રવૃત્તિઓની નર્સરી ! આટલી સૂક્ષ્મ રીતે વિચારીને આટલી બધી સ્થૂળ પ્રવૃત્તિઓની સગવડ ભારતભરમાં અન્યત્ર જડવી મુશ્કેલ. ખુલ્લો રંગમંચ બંધાયો, બાલમંદિર,

પ્રાથમિક શાળા, હાઈસ્કૂલના મકાન બંધાણા, અતિથિગૃહ બંધાણુ, યજ્ઞભવન બંધાણું, ઉદ્યોગશાળા બંધાણી, રમકડાં લાઈબ્રેરી બંધાણી, પુસ્તકાલય બંધાણું, એક ન બંધાણા માનભાઈ ! બંધનમાંથી મુકિતની મંઝિલ તરફ હંમેશાં ગતિ હોય માનભાઈની ! શિક્ષણ કરતા વેતનનું મહત્ત્વ વધતું દેખાયું એટલે પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલ સોંપી દીધી શિક્ષકોને ! ઔદ્યોગિક તાલીમ શાળા સોંપી દીધી જિલ્લા પંચાયતને ! પ્રવૃત્તિઓ સોંપતી વખતે હળવેકથી માનભાઈ કહી દે, ‘દીકરીઓને તો સાસરે વળાવવી જ જોઈએ ને !’ ભાવનગરની ઘણી શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓની સ્થાપના વિકાસમાં માનભાઈ નો હાથ. પણ સંસ્થાઓ ઈચ્છે કે વયસ્ક થાય એટલે માનભાઈ આનંદપૂર્વક એમાંથી નીકળી જાય. આનંદવાટિકા ભગિની મંડળ તથા વૃદ્ધાશ્રમ આનાં ઉદાહરણો છે. સર તખ્તસિંહજી હોસ્પિટનો બર્ન્સ વોર્ડ અને બ્લડ બેંક માનભાઈને આભારી છે. શિશુવિહાર પ્રકાશન મંદિર જાતજાતની પત્રિકાઓ અને પુસ્તિકાઓ સતત બહાર પાડયા કરે ! કિંમતની દષ્ટિએ સસ્તી અને વિચારની દષ્ટિએ બહુમૂલ્ય એવાં આ પ્રકાશનો પાછાં લોકપ્રિય પણ એટલાં જ ! બહેનોની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતું જ્યોતિ મંડળ, ગોખલે જ્ઞાનમંદિરની બુક-બેંક, હિન્દી-અંગ્રેજીના વર્ગો, પુસ્તકાલય, વાંચનાલય, સ્કાઉટ-ગાઈડ, ફર્સ્ટ એઈડ, હોમ નર્સિંગ વગેરે પ્રવૃત્તિઓથી સતત ધમધમતું શિશુવિહારનું મેદાન હવે ‘બાલવન’ ની નવી પ્રવૃત્તિથી સૌનું ધ્યાન ખેંચે છે, એક તળપદું ડિઝની લેન્ડ જ જોઈ લ્યો જાણે ! શિશુવિહારમાં રાઈફલ અને સિતારના વર્ગોનું સહઅસ્તિત્વ ચાલે ! બુધસભા અને દિવ્ય જીવન સંઘનું સખ્ય પણ શોભી ઊઠે છે. આમ શિશુવિહાર એટલે સમસ્ત જીવન ! માનવીના સર્વાંગી વિકાસની સાધનાનું પવિત્ર મંદિર. શિશુવિહાર ભારતનું એક વિશિષ્ટ તીર્થધામ છે !

● **શ્રદ્ધાંજલિ :** શિશુવિહારના શુભેચ્છક આજીવન સભ્ય, સુપ્રીમ કોર્ટના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી દિનકરરાય રામશંકર જોષીના દેહાવસાનથી સંસ્થા પરિવાર અત્યંત ઊંડા શોકની લાગણી આઘાતજનક લાગણી અનુભવે છે.

● **દંતરક્ષા કેન્દ્ર :** સંસ્થાના પ્રમુખ અને દાંતનાં ડેન્ટીસ્ટ અનુભવી ડૉ.નિર્મળભાઈ વકીલના સહયોગથી શિશુવિહારમાં દંતરક્ષા કેન્દ્ર શરૂ કરે છે. આ કેન્દ્રમાં દર શુક્રવારે સાંજે ૪-૩૦ થી ૫-૩૦ દાંતના દરદીઓને તપાસીને સારવાર આપવામાં આવે છે.

● **મહેમાનો :** ઈંગ્લેન્ડના લોફબર્ગના પાદરી શ્રી રેવરન્ડ ડેવીડ પીટરસન, ત્યાં વસતાં ગુજરાતીઓમાં સેવાકાર્ય કરે છે. તેઓ દર વરસે પોતાની સાથે જુદા જુદા વિષયોનો શોખ ધરાવતા યુવાનોને લઈ ને ગુજરાતના પ્રવાસે આવે છે. આવે ત્યારે ભાવનગર શિશુવિહાર આવવાનું ભૂલતા નથી. આ વખતે ચાર ભાઈઓ અને બે બહેનોને સાથે લાવ્યાં હતા. અહીં દસ દિવસ રહી ગયાં.

**(ક્રમશ...)**



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: ‘**શિશુવિહાર**’
SBI નેટબેન્કિગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** (Facebook)
**Shishuvihar Bhavnagar** (YouTube)
**Shishuvihar** (Instagram)
**Shishuvihar** (Play Store)

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA